પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૩/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ મહા વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૦૭૧


**સુવિચાર**

બુધ્ધિમાની એમાં જ કે રોજ રાત્રે પોતાની જાતને પૂછીએ કે આજે આપણો દિવસ કેવો રહ્યો.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
COMING SOON
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...


## જીંદગીનાં અંતિમ વર્ષોમાં નિરાધાર વૃધ્ધોનાં સુખ, ચેન અને શાંતિ અર્થે

# અમરેલીમાં સારહિ તપોવન આશ્રમનું ઐતિહાસિક કાર્ય થયું

**યુવા આઈકોન અને સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીનાં કાર્યની જિલ્લાની જનતામાં ભારે પ્રશંસા**

**રહેવાની, જમવાની સુંદર વ્યવસ્થા, મંદિર, લાયબ્રેરી, આરોગ્ય સહિતની સુવિધાસભર મકાનનું નિર્માણકાર્ય પૂર્ણ**

**યુવા આઈકોન છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષથી નિરાધારનો આધાર બનીને સેવાનું સુંદર કાર્ય કરી રહ્યા છે**

**સેંકડો વૃધ્ધોનાં શ્રવણ બનીને યુવા આઈકોન વડીલ વંદના જેવા સુંદર કાર્યમાં સક્રીય થયા**



અમરેલી, તા. ૫

અમરેલી પંથકમાં છેલ્લા અઢી-ત્રણ દાયકાથી સમાજ સેવાનાં કાર્યો કરીને નિરાધારનો આધાર અને સેવાનું સરનામું ગણાતાં યુવા આઈકોન મુકેશ સંઘાણીનાં સ્વપ્નસમા સારહિ તપોવન આશ્રમનું જીંદગીનાં અંતિમ વર્ષોમાંવૃધ્ધોનાંસુખ, ચેનઅનેશાંતિઅર્થે નિર્માણ કાર્ય કરનાર યુવા આઈકોનનાં કાર્યની ભારે પ્રશંસા થઈ રહી છે.

અમરેલીમાં સારહિ યુથ કલબનાં માધ્યમથી દર્દીનારાયણ માટે ટિફિન સેવા, લેબોરેટરીની સ્થાપના, ગરીબોનેવિવિધમદદ કરીનેમાનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે.

અમરેલીનાં ગાવડકા માર્ગ ઉપરવિશાળજમીનમાંનિરાધારવૃધ્ધોને નિઃશુલ્ક સુંદર રહેવા-જમવાની વ્યવસ્થા, મંદિર, લાયબ્રેરીઅનેઆરોગ્ય કેન્દ્ર અને ગાર્ડનનું નિર્માણ કર્યુ છે. અને તપોવન આશ્રમનું નિર્માણ ગણતરીનાં મહિનાઓમાં પૂર્ણ કરીને આગામી ૧૦ માર્ચનાં રોજ સુપ્રસિધ્ધ રામાયણી પૂ. મોરારિબાપુના વરદહસ્તે પ્રારંભ થઈ રહ્યો છે.

## મેડિકલ પ્રેકટીશનરને લગતી ડીગ્રી ન હોવા છતાં

# અમરેલીનાં બહારપરામાં આયુર્વેદ પંચકર્મનાં નામે એલોપેથીક સારવાર કરનાર સામે કાર્યવાહી

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૫

અમરેલીના બહારપરા સામુદ્રીમાતાના મંદીર પાસે આવેલ ખોડીયાર માતાજીના મંદીરની સામે આવેલ શેરીમાં આવેલ શ્રી રંગ આયુર્વેદ પંચકર્મ સેન્ટર નામનુ ક્લિનીક ધરાવતા નિલેશભાઈ નનકુભાઈ ઝાલાવડીયાએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને

અનુસંધાન પાના ૬ ઉપર

## ખાનગી રાહે બાતમીનાં આધારે થઈ કાર્યવાહી

# લાઠીનાં હરસુરપુર દેવળીયા ગામેથી બનાવટી તબીબને એસઓજીએ ઝડપી લીધા

**આરોપી રમેશચંદ્ર ત્રિવેદી વિરૂધ્ધ ગુન્હો નોંધાયો**

અમરેલી, તા. ૫

અમરેલી એસ.જી.ઓ. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.જી.ઓ. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં આવા બોગસ ડોકટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી



બાતમી રાહે હકિકત મળેલ કે હરસુરપુર દેવળીયા ગામે ભીમાણી પરીવારના કુળદેવી માતાના મંદિરની પાછળના ભાગે શેરીમાં રહેણાંક

અનુસંધાન પાના ૬ ઉપર

## કપાસની સાઠીઓ કટરથી કાપતા હોય

# જાફરાબાદનાં મીઠાપુર ગામનાં પ્રૌઢ ખેડૂતનું શોર્ટ સરકીટથી મોત

**સ્થાનિક પોલીસમાં જાહેરાત થઈ**

અમરેલી, તા. ૫

જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે રહેતા રામભાઈ સોમાતભાઈ મકવાણા નામનાં ૫૩ વર્ષિય પ્રૌઢ તે જ ગામના અમરૂભાઈ રાણીંગભાઈ બોરીચાની કોળી કંથારીયા ગામની વાડી વિસ્તારમાં આવેલ ખેતરમાં કપાસની સાઠીઓ કટરથી કાંપતા હતા. તે વખતે થ્રેસરની કુંકણી જીવતા વીજ વાયર સાથે અડી જતા રામભાઈ સોમાતભાઈ મકવાણાને શોર્ટ લાગતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**શૈક્ષણિક સ્ટાફ ભરતી...**

સંભવિત ખાલી પડતી જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી મોકલાવવી

| જગ્યા | લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|
| પ્રાથમિક શાળા-ગુ.મી. | UG + P.T.C/B.Ed. | 15000 થી 18000 |
| માધ્યમિક શાળા-ગુ.મી. | UG/PG + B.Ed. | 18000 થી 24000 |
| ઉ.મા.-સામાન્ય પ્રવાહ | PG + B.Ed./M.Ed. | 20000 થી 28000 |
| ઉ.મા.-સાયન્સ પ્રવાહ | PG + B.Ed./M.Ed. | 35000 થી 60000 |
| પ્રાયમરી-ઈ.મી. | 12 EM + P.T.C. | 20000 થી 25000 |
| સેકન્ડરી-ઈ.મી. | 12 EM + B.Ed./M.Ed. | 22000 થી 28000 |
| સુપરવાઈઝર | 5 વર્ષ ટીચીંગ અનુભવ | 20000 થી 25000 |

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારોએ રૂબરૂ અથવા ઈ-મેઈલ અથવા પોસ્ટ /કુરીયર મારફત સંપૂર્ણ શૈક્ષણિક, અનુભવ વગેરે વિગતો સાથે બાયોડેટા મોકલાવવા.

★ ઈ.પી.એફ ફન્ડ સુવિધા ★ કવાટર સુવિધા ઉપલબ્ધ ★

પરર્ફોમન્સ આધારિત પગાર ધોરણ રહેશે.

શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી
Mo. 90990 98220 / 94262 35335
Email : vidyasabhaofficial@gmail.com

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી.... એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૯૯૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૯૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

Sheetal
મહાશિવરાત્રીનું પાવન પર્વ
શીતલની શુદ્ધતાથી મનાવો...


• એલચી શ્રીખંડ • મેંગો શ્રીખંડ • રાજભોગ શ્રીખંડ • મિક્સફ્રુટ શ્રીખંડ
• કેસર ડ્રાયફ્રુટ બાસુંદી • કેરીનો રસ • ફ્રુટ સલાડ
શીતલ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867

### તુલસીશ્યામ રેન્જની રબારીકા રાઉન્ડમાં

# હનુમાનપુરથી દલડી માર્ગ ઉપર સિંહ સાથેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

## સિંહની પજવણી કરનાર આરોપી વિરૂધ્ધ કાર્યવાહી


તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૫

ધારી ગીર (પુર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડના કાર્યક્ષેત્રમાં આવતા ખાંભા તાલુકાના હનુમાનપુરથી દલડી રોડ રેવન્યુ વિસ્તાર કે જે વન્યપ્રાણી સિંહનો હેબીટાટ વિસ્તાર છે. જયા વન્યપ્રાણી સિંહ જોવાના ઈરાદે ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૦૧ એચઆર ૭૪૬૯ માં આવેલ (૧) રોહીતભાઈ હરીલાલ રાજપુત (ઉ.વ. ૨૯) રહે. અમદાવાદ તથા (૨) તેજસભાઈ રાજેન્દ્રસિંહ પરમાર (ઉ.વ.૧૯) રહે. અમદાવાદવાળાએ રસ્તા વચ્ચે કુદરતી અવસ્થામાં બેસેલ વન્યપ્રાણી સિંહની ઉપર ફોર વ્હીલ ગાડીની હેડ લાઈટનો પ્રકાશ ફેકી તથા હોર્ન વગાડી સિંહની નજીક ગાડી લઈ જઈ સિંહને રંજાડવાનો પ્રયત્ન કરી તથા ગાડીમાંથી નીચે ઉતરી સિંહ સાથેનો સેલ્ફી વિડીયો બનાવી સિંહના કુદરતી કાર્યમાં ખલેલ પહોંચાડી અમાનવીય ત્રાસ આપી પજવણી કરવા અંગેનો વિડીયો બનાવી તે વિડીયો સોશ્યલ મીડીયા (ઈન્સ્ટાગ્રામ)માં વાયરલ કરતા નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા, ગીર પુર્વ વન વિભાગ ધારી તથા મદદનીશ વન સંરક્ષક ધારી શૈલેષ ત્રિવેદી અને મદદનીશ વન સંરક્ષક ઉના મનીષ ઓડેદરાના માર્ગદર્શનથી રેન્જ ફોરેસ્ટ ઓફીસર સરસીયા જયોતીબેન વાજા તથા તેમની ટીમ દ્વારા આરોપીઓને ડીટેન કરી આરોપીઓને સરસીયા રેન્જ ખાતે હાજર રહી તપાસ કરતા તે ગુન્હો અત્રેની તુલસીશ્યામ રેન્જના રબારી રાઉન્ડના કાર્યક્ષેત્રનો હોય તે અન્વયે અત્રેની તુલસીશ્યામ રેન્જ ખાંભાને કબ્જો સોંપતા આરોપીઓ વિરૂધ્ધ રબારીકા રાઉન્ડ ગુન્હા નંબર ૦૧/૨૩, ૨૪ તા. ૫/૩/૨૦૨૪થી વન્યપ્રાણી સંરક્ષણ અધીનીયમ ૧૯૭૨ ની કલમ નંબર ૯ મુજબ ગુન્હો નોંધેલ છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ છે. બાદમાં ખાંભા કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવશે.

# લાઠીમાં આવેલ જન કુટિરની સુવિધામાં વધારો થતાં હાશકારો





દામનગર, તા. ૫

લાઠી શહેરના બસ સ્ટેન્ડની સામે આવેલ જર્જરિત થયેલ જન કુટિરને રીનોવેશન સાથે બેસવા માટે બાંકડા અને પીવાના પાણીની વ્યવસ્થા અને લાઈટ માટે કામગીરી શરૂ કરાવતા રાહદારીઓ–મુસાફરો અને ગ્રામજનો આ પરિવારને અંતરના આશીર્વાદ આપી રહ્યા છે અને કહી રહ્યા છે જયાં સત્ય, પ્રેમ અને કરૂણાનો ધોધ વહેતો રાખે છે એવા આ પરિવાર સમાજની સેવા અને કર્મ એજ ધર્મની જયોત જલતી રાખે એવી શુભકામના પાઠવતા જોવા અને સાંભળવા મળ્યા હતા.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલા : ચાંદલીયા ડુંગરમાં થયેલ ઘરફોડ સહિતની ચોરીનાં ગુન્હાનો ભેદ ખુલ્યો

## રૂપિયા ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે થયો



અમરેલી, તા. ૫

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારના ચાંદલીયા ડુંગર ઉપર આવેલ મામાદેવના ડુંગર નીચે બનાવેલ હોલ વાળા મકાનના કોઈ અજાણ્યા ઈસમોએ મેઈન દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ધુણાવાળા રૂમમાં લગાવેલ એ.સી. તેમજ કમ્પ્રેસર કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ તેમજ રાજુલા ટાઉનમાં કચ્છી પટેલની લાતી પાસે રાખેલ ટ્રક નં. જી.જે. ૧૧ યુ ૭૬૯૦ના ટ્રકમાંથી પોરોન–૯૦ તથા પી.જી. ૯૦ પાવર ગોલ્ડ કંપનીની બે બેટરીઓ કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયેલ હોય. જે વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીને પકડી પાડવા કડક સુચના આપેલ હોય. જે બાબતે ઉપરોકત ગુન્હાઓના કામે રાજુલા પોલીસ ટીમ દ્વારા રાજુલા શહેરના સીસીટીવી કેમેરા તથા હયુમન શોર્સીસની મદદ લઈ બંન્ને ગુન્હાઓનો ભેદ ઉકેલી આરોપી રણજીતભાઈ માણકુભાઈ વાળા (રહે. રાજુલા ગોકુળનગર પુંજા એપાર્ટમેન્ટ)ને ચોરીમાં ગયેલ મુદ્દામાલ તથા ગુન્હાના કામે વપરાયેલ ફોરવ્હીલ ગાડી સાથે મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### અર્ધનગ્ન હાલતનો ફોટો વાયરલ કરીને

# જાફરાબાદનાં નાગેશ્રી ગામની મહિલાને બદનામ કરવાનો પ્રયાસ

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૫

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે રહેતી એક મહિલાને તેજ ગામે રહેતા આરોપી હિંમતભાઈ ભાણાભાઈ ડોડીયા સાથે ત્રણ વર્ષ પહેલા પ્રેમ સંબંધ હોય અને એ વખતે હિંમતભાઈ ડોડીયાએ મહિલાની મરજીથી અર્ધ નગ્ન ફોટા તથા શરીર સંબંધ બાંધતા હોય તેવો વિડીયો હિંમતભાઈ ડોડીયાના ફોનમાં ઉતારેલ હતો. તે ફોટા તથા વિડીયો ગત તા. ૧૬/૨/૨૪ના બપોરના કોઈપણ વખતે આરોપી હિંમતભાઈ ડોડીયાના મોબાઈલ ફોનમાંથી આરોપી મનસુખભાઈ કરશનભાઈ સાગઠીયાએ કોઈપણ રીતે મેળવી આરોપી રમેશભાઈ હરીભાઈ વાળાએ તે ફોટા તથા વિડીયો મહિલાને બદનામ કરવાના ઈરાદે મોબાઈલમાંથી સોશ્યલ મીડીયામાં વાયરલ કરી આરોપીઓએ મહિલાને ગાળો આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### ધીરેન પટેલ સાથે દિવથી રાજકોટ પરત જતા

# ઉનાના નાથળ ગામે થયેલ માર્ગ અકસ્માતમાં એઈમ્સમાં ફરજ બજાવતા યુવતીનું મોત

## મૃતક યુવતીને લલચાવી ફોસલાવી ને લઈ લઈ જવાઈ હતી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૫

વિસાવદર તાલુકાના અંબાળા ગામે રહેતા શ્રદ્ધાબેન પટોળીયા ઉતરાખંડના ઋષિકેશ ખાતે આવેલ એઈમ્સ હોસ્પિટલ ખાતે ચાર વર્ષ સુધી સેવા આપ્યા બાદ રાજકોટની એઈમ્સ હોસ્પિટલમાં છેલ્લા એક વર્ષ થી ફરજ બજાવતા હોય પરિવારમાં ભાઈ બહેન અને માતા–પિતા સંયુક્ત કુટુંબમાં રહેતા હોય અને આ શ્રદ્ધાબહેન સમાજના પસંદગી મેળામાં ધીરેન વિષ્ણુભાઈ પટેલ રહે અમદાવાદના સંપર્કમાં આવ્યા હોય ત્યારે આ ધીરેન પટેલ શ્રદ્ધાબેનને અવાર નવાર ફોન કોલ કરતો હોય જે બાદ શ્રદ્ધાબેનને વિસમાં લઈ લલચાવી ફોસલાવી ફરવા જવાનું કહી રાજકોટથી પોતાની જીજે ૧૮ એસી ૫૩૮૯ નંબરની કારમાં લઈ ગયેલ હોય.

જેમાં ધીરેન પટેલ શ્રદ્ધાબેનને પ્રથમ દ્વારકા ખાતે લઈ ગયેલ હતો જયાં રોકાયા બાદ સોમનાથ અને ત્યારબાદ દીવ રોકાણ કરી પરત રાજકોટ જઈ રહેલ હોય ત્યારે ઉનાના નાથળ ગામના પુલ પાસે પહોંચતા ધીરેન પટેલે પોતાની કારનું સ્ટેરીંગ ગુમાવતા કાર ડિવાઈડર ઠેકી સાઈડના ભાગેથી નીચે પટકાતા કારમાં સવાર શ્રદ્ધાબેનને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલ ખાતે ખસેડાતા સારવાર દરમિયાન મોત નીપજતા મૃતદેહને પીએમ અર્થે ઉના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા મૃતક શ્રદ્ધાબેનના ભાઈએ અકસ્માતમાં મોત નીપજાવનાર ધીરેન વિષ્ણુભાઈ પટેલ રહે અમદાવાદ વાળાઓ વિઢદ્ધ ફરિયાદ નોંધાવતા ઉના પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

# બિહારનાં પૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવનાં નિવેદનને વખોડી કાઢતા શિંગાળા

અમરેલી, તા. ૫

બિહારના લાલુ યાદવે ઈન્ડિયા ગઠબંધનની પ્રથમ બેઠકમાં ભારતના વિકાસ દ્રષ્ટા પ્રધાનમંત્રી મોદી વિશે વ્યકિતગત અશોભનિય વાણી વિલાસ કરીને લાલુએ પોતાની અસલીયત રજુ કરી છે. તેમ ચૂંટણીના પડઘમ વચ્ચે ભાજપના યુવા અગ્રણી રમેશ શિંગાળાએ અખબારી નિવેદનથી જાણે ચૂંટણી પ્રચારનું બ્યુગલ ફુંકયુ હોય તેવો માહોલ અમરેલી જીલ્લામાં સર્જાયો છે. રમેશ શિંગાળા અખબારમાં તિવ્ર પ્રતિક્રિયા, ભડકાઉ અને તેજાબી નિવેદન માટે જાણીતુ નામ બની ચુકયા છે. તેવા સમયે કોંગ્રેસ અને લાલુને પરસેવો છૂટે તેવુ નિવેદન આપતા અમરેલી જીલ્લામાં માહોલ ગરમાયો છે.

તેઓએ જણાવેલ કે, જેને બોલવાનુ ભાન નથી તેવા રાબડીના રમકડાએ આખી બિહારને અને કોંગ્રેસને નીચે જોણુ કરવુ પડે તે હદે ભાષણ ઠોકીને આબરૂનુ લીલામ કરેલ છે. બિહારનો ચારો ચરી જનાર, નોકરીમાં રોકડી કરનાર લાલુ યાદવની રાજકીય કારકિર્દી ખરડાયેલી જગજાહેર છે. ખુદ બિહારની જનતા ગૌ–ચારાના ભ્રષ્ટાચાર બાબતે ''ખુંટીયા'' નું બિરૂદ આપી ચુકી છે તેવા લાલુ યાદવને માનસીક બીમારીની સારવારની ટકોર કરતા માહોલ ગરમાયો છે.

# લીલીયામોટા તાલુકા પંચાયત ખાતે ન્યાય સમિતિની બેઠક મળી





લીલીયા, તા. ૫

લીલીયા તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન`તાબેનના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત કચેરી ખાતે ન્યાય સમિતિની મીટીંગ મળેલ તેમાં લીલીયા તાલુકાના અતિ પછાત વ્યક્તિઓ માટે મફત પ્લોટની જગ્યા નીમ કરવા બાબતે તથા અ.જા વ્યક્તિઓના સ્મશાનની જગ્યા ફાળવવા તથા સ્મશાન નીમ કરવા, તાલુકામાં બનેલા અ.જા વિસ્તારમાં બાબાસાહેબ હોલ અથવા કોમ્યુનિટી હોલને નીમ નામે કરવા બાબત તથા તાલુકાના અતિ પછાત વિસ્તારના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવા ગોઢાવદર ગામે વાલ્મીકિ સમાજ ના સ્મશાન માં ખૂટતી કામગીરી કરવા પ્રાંત અધિકારીને ઠરાવ કરી તેમની ગ્રાન્ટ માંથી કામગીરી માટે ગ્રાન્ટ ફાળવવા ઠરાવ કરેલ.

આ સીવાયના તાલુકાના અતિ પછાત વ્યક્તિઓને મિશન અંતોદય માં લેવા માટે દરેક પંચાયત ને જરૂરિયાત વ્યક્તિઓને ગ્રામ સભામાં વંચાણે લઈ તાલુકા પંચાયતમાં યાદી મોકલાવવીતથા અતિ પછાત વિસ્તારની આંગણવાડીમાં ખૂટતી કામગીરી કરવા ઠરાવ કરેલ આમ આજ રોજ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કુ.તા ભરતભાઈ હેલૈયા ના અધ્યક્ષ સ્થાને જરૂરિયાત પ્રશ્નો ની તાત્કાલિક રીતે નિકાલ થાય તે માટે મીટીંગ બોલાવી ખૂટતું કરવા બેઠક બોલાવેલ આ તકે એ એ.ટી.ડી.ઓ. કિશોરભાઈ આચાર્ય સચીવ તરીકે હાજર રહેલ તથા ચેરમેન કમિટી સદસ્યો હાજર રહેલ તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

### અમરેલીના લેબર જજ જે.જે. આદ્રોજા દ્વારા

# ખાંભાના ઉતરીયા ગામનાં અરજદારને રૂપિયા ૩૦ લાખ વળતર ચુકવવા આદેશ

## અરજદાર તર્ફે જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદની દલીલો સફળ

અમરેલી, તા. ૫

અમરેલીની લેબર કોર્ટના જજ જે.જે. આદ્રજાએ ખાંભાનાં ઉતરીયા ગામનાં અરજદારને પીજીવીસીએલને ૩૦ લાખ ચુકવવા આદેશ કરેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, અરજદાર (ઈજા પામનાર) ફીરોજભાઈ જુસુબભાઈ સમા, રહે. વડાવાળા(ગીર), તા. તાલાલા, તા. ૨૪/૮/૨૦૧૪ ના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યે ખાંભા તાલુકાની ઉતરીયા ગામની સીમમાં પીજીવીસીએલના થાંભલા ઉપરના જુના વાયરો કાઢી નવા વાયરો નાખવાનું કોન્ટ્રાકટર સનરાઈઝ એન્ટરપ્રાઈઝ, રહે. ખાંભાનાં મજુર તરીકે કામ કરતા હતા ત્યારે બાજુમાંથી પસાર થતી ૧૧ કે.વી.ની લાઈનના વાયરો અડી જતા શોક લાગતા થાંભલેથી પટકાતા ગંભીર ઈજાઓ થયેલી. જેનું વર્કમેન કમ્પેનસેશન એકટ અન્વયે વળતર મળવા અમરેલી લેબર કોર્ટમાં અરજી કરેલી.

જે કામમા પી.જી.વી.સી.એલ. કાું.ના કોન્ટ્રાકટર સનરાઈઝ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ લાઈનના વાયરો બદલવાનો કોન્ટ્રાકટર રાખેલ અને ફીરોજભાઈ તેનો મજુર હતો. પરંતુ ઉતરીયા ગામે કોઈ બનાવ બનેલ નથી કે ફીરોજભાઈ તેનો મજુર નથી તેવી તકરાર કરેલી. પી.જી.વી.સી.એલ.એ પણ આવો કોઈ બનાવ તેની જાણમાં નથી તથા તેના મજુર ન હતા તેવી તકરાર ઉઠાવેલી.

પરંતુ પુરાવાના અંતે લેબર જજ જે.જે. આહુજા પડેલ પુરાવાનું વિશ્લેષણ કરી ફીરોજભાઈ કોન્ટ્રાકટરના મજુર તરીકે કામ કરતા હતા અને પી.જી.વી.સી.એલ.કાું. પ્રિન્સીપાલ એમ્પ્લોયરની વ્યાખ્યામાં આવતા હોય તમામની વળતર ચુકવવા જવાબદારી ઠરાવેલ છે અને ખોડ જોતા ૧૦૦% અનીગ કેપેસીટી લોસ ઠરાવી વળતરની રકમ રૂા.૧૦,૧૩,૪૯૦ તથા સારવારની રકમ રૂા. ૧,૨૬,૩૬૭ તથા તે બંને રકમ ઉપર અકસ્માતની તારીખથી ૧ મહીના પછીનું ૧૨% વ્યાજની રકમ તથા ૫૦% પેનલ્ટીની રકમ રૂા. ૫,૬૭,૪૨૮/– મળી કુલ રૂા. ૩૦,૦૦,૦૦૦નું વળતર પ્રિન્સીપાલ એમ્પ્લોયર તરીકે ચુકવવા પી.જી.વી.સી.એલ. કાું. તથા કોન્ટ્રાકટર સનરાઈઝ એન્ટર પ્રાઈઝને સંયુકત તેમજ વિભકત રીતે ચુકવવા આદેશ કરેલ છે. અરજદાર તર્ફે જાણીતા એડવોકેટ એમ.જે.સૈયદ રોકાયેલ હતા.

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોનાં વિકાસ માટે ધારાસભ્ય કસવાલા દ્વારા સુંદર કામગીરી










ગ્રામીણ ગામડાઓના વિકાસનો લક્ષ લઈને સાવરકુંડલા–લીલીયા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય મહેશ કસવાળાએ રોડ રસ્તાઓ હોય કે ચેકડેમો હોય કે પછી નદીઓ પરના બ્રિજ નવા બનાવવાના હોય કે પછી રીપેરીંગ કરવાના હોય તેમાં ગુણવત્તાયુકત અને કવોલીટીના કામો થવાના ધ્યેય સાથે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા ભૂમિપૂજન, લોકાર્પણ સાથે ઉદઘાટન કરતા કસવાળાએ જીંજુડા રોડ ખાતે નવો આરંભ થયેલ સત્વ પેટ્રોલિયમનું શુભઉદ્‌ઘાટન પરમ પુજય ભકિતબાપુના વરદહસ્તે કરવામાં આવ્યું. તેમાં ધારાસભ્ય કસવાળા ખાસ ઉપસ્થિત રહયા હતા. બાદ ધારાસભ્ય દ્વારા બાઢડા ખાતે ૨૫ લાખના ખર્ચે કોઝવે બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. જાબાળ ખાતે નવા બનેલા ગ્રામ પંચાયતના બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન સાથે ૩૭ લાખના ખર્ચે બ્લોક રોડ, સીસી રોડ અને ગટર વ્યવસ્થાના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ. અભરામપરાના ચોત્રા હનુમાન ખાતે સ્નેહ સત્કાર કાર્યક્રમ યોજીને ધારાસભ્ય કસવાળાને કામોની વણઝાર લાવનારા લડવૈયા નેતાને સન્માનિત કરવામાં આવ્યા હતા. આદસંગ, ગીણીયા, બગોયા અને કૃષ્ણગઢ ગામોમાંથી નીકળતી ધાતરવડી નદીના ચેકડેમોને રીપેરીંગ કરીને ચોમાસામાં ખેડુતોને ફાયદો થવાના અભિગમ લઈને અધિકારીઓ સાથે જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તો વણોટ ગામે ૧૦ લાખના ખર્ચે નવો નિર્માણાધિન ચેકડેમનું લોકાર્પણ કરાયુ તો સાવરકુંડલાના ઠવી ગામે ૧૦ લાખના ખર્ચે નવા ચેકડેમનું ખાતમુહુર્ત ધારાસભ્ય મહેશ કસવાળાએ કર્યુ હતું. ત્યારે સાવરકુંડલા એપીએમસીના ચેરમેન દીપક માલાણી, જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના ચેરમેન લાલભાઈ મોર, જિલ્લા પંચાયતના સદસ્ય શરદભાઈ ગોદાણી, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, મહામંત્રી ચેતનભાઈ માલાણી, મેરીયાણા સરપંચ હિતેશભાઈ ખાત્રાણી સહિત તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા ને ખેડૂતો અને ગામડાઓના વિકાસમાં સતત માર્ગદર્શન સાથે કામોની વણઝાર લઈને આવેલા ધારાસભ્ય મહેશ કસવાળાને બિરદાવ્યા હતા. તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવાયું છે.

## ક્યાં આગેવાન પક્ષ છોડી દેશે તેવું કોઈ કહી શકતું નથી

# અમરેલી જિલ્લાનાં કોંગી કાર્યકરોમાં સન્નાટાનો માહોલ

**એક તરફ કોંગ્રેસનાં કાર્યકરોમાં નિરાશા તો બીજી બાજુ ભાજપનાં કાર્યકરો અને આગેવાનોને પોતાનાં રાજકીય ભવિષ્યની ચિંતા**

**કોંગ્રેસ પક્ષનાં જે આગેવાનો વિરૂધ્ધ ભાષણબાજી કરી તેમને સાથે રાખવા પડે તેવી કરૂણાજનક સ્થિતિ ભાજપીઓની બની રહી છે**

**કોંગ્રેસનાં પાયાનાં કાર્યકરો તેમનાં આગેવાનોનાં પક્ષ પલ્ટાથી ચિંતામાં મુકાઈ રહ્યા છે**

**આશ્ચર્યજનક બાબત એ છે કે ભાજપ અને કોંગ્રેસ બન્નેનાં કાર્યકરો અને આગેવાનોની દયનીય હાલત**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લો ઉદ્યોગો અને રોજગારીનાં અભાવે રાજકારણનું એપી સેન્ટર બન્યો છે અને લોકસભાની ચૂંટણી નજીકમાં હોવાથી જિલ્લાનાં કોંગી આગેવાનો ક્રમશઃ ભાજપમાં પ્રવેશ કરી રહ્યા હોય તેવા સમયે ભાજપ અને કોંગ્રેસનાં પાયાનાં કાર્યકરો અને આગેવાનોમાં નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસનાં કાર્યકરો અને આગેવાનો એટલા માટે ચિંતિત બન્યા છે કે ક્યાં આગેવાન ક્યારે પક્ષ પલ્ટો કરીને ભાજપમાં જોડાશે તેની ખબર પડતી નથી. તો બીજી તરફ ભાજપનાં કાર્યકરો અને આગેવાનોને જેની વિરૂધ્ધ ભાષણબાજી કરીને ચૂંટણી લડયા છે તેવા કોંગી નેતાને નેતા માનવા કે સાથે બેસવા મજબૂર થવું પડી રહ્યું છે.

## શિકારની શોધમાં સિંહો ગામમાં ઘુસ્યા

# ધારીના નબાપરા વિસ્તારમાં ૫ સિંહોએ ૪ પશુનો શિકાર કર્યો

### ગામજનોએ ઘરબેઠા સિંહ દર્શનનો લાભ લીધો



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૫

જંગલમા અપુરતા ખોરાક અને શહેરમાં આસાનીથી મળતા શિકારને કારણે સિંહો અવારનવાર ગામમાં ચડી આવે છે ને શિકાર કરી પોતાની ભૂખ ઠારે છે.

તેવા જ એક બનાવમા ધારીના નબાપરા વિસ્તારમાં એક સાથે ૫ સિંહો રાત્રિના ગામમા આવી ચડયા હતા અને ૪ પશુઓને ફાડી ખાધા હતા અને ગામની વચ્ચે જ શિકારની ઝયાફત ઉઠાવી હતી. એક સાથે ચાર ચાર મારણથી ગામમાં ભયનો માહોલ છવાયો હતો અને અફરા તફરી મચી જવા પામી હતી. તેમજ બીજી તરફ આ સિંહો શિકાર કરતા હોય લોકોને બરબેઠા સિંહ દર્શન થયા હતા.

## કોઈને ગાળો બોલવાની ના પાડવામાં પણ વિચારજો

# અમરેલીનાં બહારપરામાં ગાળો બોલવાની ના પાડનાર યુવક ઉપર ૨ ઈસમોએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૫

અમરેલીના બહારપરામાં આવેલ પંચદેવના મંદિર પાસે રહેતા શકિતભાઈ ભુપતભાઈ મકવાણા નામનાં ૩૦ વર્ષિય યુવકના ઘર પાસે ગત તા. ૩/૩/૨૪ના રોજ અમરેલીના બહારપરામાં આવેલ મચ્છુમાંના મંદિર પાસે રહેતા આરોપી શૈલેષભાઈ નનાભાઈ કોળી, હીકાભાઈ જગદીશભાઈ કોળી ગાળો બોલતા હોય. જેથી યુવકે ગાળો બોલવાની ના પાડતા આરોપીએ લાકડાનાં બટકાથી એક ઘા યુવકને ડાબી બાજુ માથામાં કપાળ ઉપર તથા બીજો ઘા માથામાં જમણા કપાળના ભાગે મારી દીધેલ તથા બીજા આરોપીએ લાકડાના બટકાના બે ત્રણ ઘા યુવકના જમણા હાથની કલાઈ પર મારી દેતા યુવકને માથામાં કપાળની ડાબી બાજુએ પાંચેક ટાંકા તથા જમણી બાજુ કપાળે બે ટાંકા તેમજ જમણા હાથની કલાઈમાં હાડકામાં ફેક્ચર કરી ઈજા કરી ગુનો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.






## ઉનાનાં માઢ ગામનાં બેઠા પુલ ઉપર ટ્રકે બાઈકને હડફેટે લેતા

# હિટ એન્ડ રનની ઘટનામાં રેવન્યુ તલાટીનું ઘટના સ્થળે મોત અને નાયબ મામલતદારને પહોંચી ગંભીર ઈજાઓ

### અકસ્માત સર્જી ટ્રક મુકી નાસી જનાર અજાણ્યા ચાલક વિરૂધ્ધ કાર્યવાહી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૫

ઉના કોડીનાર રોડ પર આવેલ માઢગામના બેઠા પુલ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં ટ્રકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક રેવન્યુ તલાટીનું ઘટના સ્થળે મોત નીપજયું હતું જયારે મહેસુલ વિભાગના નાયબ મામલતદારને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. ઉના તાલુકામાં અકસ્માતની ઘટનામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે તેમાં પણ ખાસ કરીને હીટ એન્ડ રનની ઘટનાઓએ માઝા મૂકી છે તેવામાં વધુ એક માઢ ગામના બેઠા પુલ નજીક હિટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી જેમાં અજાણ્યા ટ્રક ચાલકે બાઈક સવાર રેવન્યુ તલાટીને અડફેટે લેતા કાળનો કોળિયો બની જતા ઉના પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો હતો જયારે મહેસુલ વિભાગના નાયબ મામલતદારને ગંભીર ઈજાઓ થઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ઉના મામલતદાર ઓફિસમાં ફરજ બજાવતા રેવન્યુ તલાટી ભરત પંડ્યા અને મહેસુલ વિભાગના નાયબ મામલતદાર દીપક બાંભણિયા બંને કર્મચારીઓ પોતાનું જીજે ૧૪ એએલ ૫૭૦૭ નંબરનું બાઈક લઈ સોખડા ગામે સરકારી કામે જઈ રહેલ હોય ત્યારે માઢ ગામના બેઠા પુલ નજીક પહોચતા પાછળના ભાગેથી પૂર ઝડપે આવી રહેલ જીજે ૧૧ ઝેડ ૮૫૯૫ નંબરના ટ્રક ચાલકે પાછળથી બાઈકને ઠોકર મારતા બાઈક રોડની સાઈડના ભાગે ફંગોળાઈ ગયું હતું જેમાં સવાર રેવન્યુ તલાટી ભરત પંડ્યાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મોત નીપજયું હતું જયારે મહેસુલ વિભાગના નાયબ મામલતદાર દીપક બાંભણિયા ને હાથ પગ માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી આ હિટ એન્ડ રનની ઘટનાને લઈને પોલીસ અને એમ્બ્યુલન્સ સ્ટાફ બનાવ સ્થળે દોડી ગયો હતો અને ભરત પંડ્યાના મૃતદેહનો કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત નાયબ મામલતદાર દિપક બાંભણિયા ને ઉનાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાતા ઉના નાયબ કલેકટર ચિરાગ હિરવાણીયા તેમજ મામલતદાર ઓફિસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને મૃતક ભરત પંડ્યાના મૃતદેહ ને પી.એમ અર્થે ઉના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો જયારે અકસ્માત સર્જી ટ્રક મુકી નાસી જનાર અજાણ્યા ટ્રક ચાલક વિઢદ્ધ પોલીસે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ગોપાલગ્રામ ખાતે રૂપિયા ૧૦ લાખના વિકાસ કાર્યોનો પ્રારંભ

ધારી, તા. ૫

ધારી તાલુકાના ગોપાલગ્રામ સરદારપરા ખાતે બ્લોક પેવિંગલ જુની સોસાયટીમાં ભૂર્ગભ ગટરલ અવેડાની છાપરી સહિતના ક્ષ્ડ લાખના ગામન કામોનું ખાતમુહૂર્ત ભાજપ મહિલા અગ્રણી કોકિલાબેન કાકડીયા દ્વારા કરવામાં આવેલ છે. આ તકે ગોપલગ્રામ સરપંચ હરેશભાઈ વાળા, ઉપસરપંચ ગૌતમભાઈલ ચુનિભાઈ વાડદોરીયાલ ભાજપ અગ્રણી મેરામભાઈ વાળાલ કિશોરભાઈલ પ્રતાપભાઈ દિપુભાઈ જોષીલ સુરાભાઈ સહિતના ગામના અગ્રણી અને ગ્રામજનો ઉપસ્થિત રહેલ હતાઈઅને સરપંચ સહીત ઉપસ્થિત ગ્રામજનો ધારાસભ્ય અને મહીલા આગેવાન નો લોક ઉપયોગી કાર્ય કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં દુષ્કર્મનાં ગુન્હામાં નાસતા ફરતા ૨ આરોપી ઝડપાયા

### ભરૂચ જિલ્લામાંથી બંને આરોપીઓની અટકાયત



અમરેલી, તા. ૫

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમને મળેલ ચોકકસ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી રૂરલ પોલીસ આઈ.પી.સી. કલમ ૩૭૬(૨)(એન), ૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૯૫, ૩૬૩, ૪૫૮, ૫૦૬(૧), ૩૨૩, ૧૨૦બી, ૩૪, ૧૧૪ વિગેરે મુજબના ગુનાઓમાં સંડોવાયેલા સુનીલ પીદીયાભાઈ ઉર્ફે ઢેબરાભાઈ બામણીયા હાલ રહે. ખોજબળ, જિ.ભરૂચ તથા ટીંગુ પીદીયાભાઈ ઉર્ફે ઢેબરાભાઈ બામણીયા, હાલ રહે. લોધીકાવાળા આરોપીઓ પોતાની ઘરપકડ ટાળવા છેલ્લા છ માસથી નાસતા ફરતા હોય. મજકુર લીસ્ટેડ બન્ને આરોપીઓને ભરૂચ જિલ્લા વિસ્તારમાંથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.













### ખૂબ જ સુંદર અને પ્રાચીન છે આ કન્ટ્રી

# ભારતનો ૧ રૂપિયો ઈરાનના ૫૦૦ રૂપિયા બરાબર

## આર્થિક સ્થિતિ ઘણી ખરાબ છે પરંતુ ભારત સાથે તેના સંબંધો છે, હાલમાં એક ભારતીય રૂપિયો ૫૦૭.૨૨ ઈરાની રિયાલ છે

નવી દિલ્હી, તા.૫

શું તમે જાણો છો કે એક એવો દેશ છે જ્યાં ભારતીય રૂપિયાની કિંમત હાલમાં એટલી વધી ગઈ છે કે તમે તેના પર વિશ્વાસ કરી શકશો નહીં. આ એક ખૂબ જ સુંદર અને પ્રાચીન દેશ છે, જેનું ખૂબ જ ઐતિહાસિક મહત્વ પણ છે. આ દેશ સાથે ભારતના ઘણા જૂના સંબંધો છે. આ દેશ વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદક દેશોમાં સામેલ છે પરંતુ અમેરિકન પ્રતિબંધોને કારણે તેની હાલત ખરાબ થઈ રહી છે. આ દેશમાં ૦૧ ભારતીય રૂપિયો ઓછામાં ઓછા ૫૦૦ રૂપિયા બરાબર છે. હવે અમે તમને જણાવીએ કે આ કયો દેશ છે. આ દેશ ઈરાન છે, જ્યાંનું સત્તાવાર ચલણ રિયાલ-એ-ઈરાન છે, જેને અંગ્રેજીમાં ઈરાની રિયાલ કહે છે. એક સમય હતો જ્યારે રિયાલનું મૂલ્ય ઘણું સારું હતું પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેનું ધોવાણ થયું છે. તેનું કારણ એ છે કે અમેરિકાએ આ દેશ પર ઘણા વર્ષોથી અનેક પ્રકારના આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે. જેના કારણે તે પોતાનું તેલ દુનિયાને વેચવા પણ સક્ષમ નથી. આ કારણે તેની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ છે પરંતુ ભારત સાથે તેના સંબંધો છે. હાલમાં એક ભારતીય રૂપિયો ૫૦૭.૨૨ ઈરાની રિયાલ છે. મતલબ કે જો કોઈ ભારતીય ૧૦,૦૦૦ રૂપિયા લઈને ઈરાન જાય છે, તો તે ત્યાં રોકાઈ શકે છે અને લક્ઝરી રીતે ફરી શકે છે. ત્યાંની સારી ફાઈવ સ્ટાર હોટલનું દૈનિક ભાડું મહત્તમ રૂ. ૭૦૦૦ સુધીનું છે પરંતુ મધ્યમ વર્ગની હોટેલો રૂ. ૨૦૦૦થી રૂ. ૪૦૦૦ વચ્ચે સરળતાથી ઉપલબ્ધ છે. જો કે ઈરાનમાં ડોલર રાખવા એ મોટો ગુનો છે. પણ પૈસા રાખી શકાય. ઈરાને છેલ્લા કેટલાક સમયથી ડોલર સ્વીકારવાનું બંધ કરી દીધું છે. હવે તે ભારત સહિત ઘણા દેશો સાથે સ્થાનિક ચલણમાં જ વેપાર કરે છે. પરંતુ તેના કારણે ત્યાં ડોલરની દાણચોરીનો ગેરકાયદે ધંધો પણ ફૂલીફાલી રહ્યો છે. રિયાલ ઈરાનમાં ખૂબ જ જૂનું ચલણ છે. તે સૌપ્રથમ ૧૭૯૮માં રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ ૧૮૨૫માં રિયાલ જારી કરવાનું બંધ થયું. તે ફરીથી બહાર પાડવામાં આવ્યું હતું. ૨૦૧૨થી રિયાલ ઝડપથી ઘટવા લાગ્યું. જૂન ૨૦૨૦ સુધીમાં ઈરાની રિયાલ ૨૦૧૮ની શરૂઆતથી લગભગ પાંચ ગણો ઘટી ગયો હતો. ત્યાં ફુગાવો રેકોર્ડ સ્તરે વધવા લાગ્યો. હવે ત્યાં વસ્તુઓ ઘણી મોંઘી થઈ ગઈ છે. ૨૦૨૨માં ઈરાનનો ફુગાવાનો દર ૪૨.૪% હતો, જે વિશ્વમાં દસમો સૌથી વધુ છે. જેના કારણે બેરોજગારી પણ વધી છે. જોકે, ઈરાનમાં મોટાભાગના લોકો રોજગારને બદલે પોતાનું કામ કરવાનું પસંદ કરે છે. ત્યાંની વસ્તીના માત્ર ૨૭.૫ ટકા લોકો ઔપચારિક રોજગારમાં છે પરંતુ ગરીબી વધીને ૫૦ ટકાથી વધુ થઈ ગઈ છે. ભ્રષ્ટાચાર પણ ઘણો છે. ઈરાન એક સુંદર દેશ છે. અદ્ભુત સ્થાપત્ય પ્રકૃતિના અદભૂત દશ્યો સાથે ત્યાં જોઈ શકાય છે. આ એક આકર્ષક દેશ છે અને અહીં ઘણી સુંદર જગ્યાઓ છે. અહીંના લોકો મહેમાનોનું હાર્દિક સ્વાગત કરે છે. અહીંની સભ્યતા ૭૦૦૦ વર્ષથી વધુ જૂની છે. ઈરાનમાં બરફથી ઢંકાયેલ પર્વતો, લીલાછમ, ઊંડા જંગલો, મનોહર ટેકરાઓ અને ખારા સરોવરો સાથે સૂકા રણ છે. ઈરાનના ઉત્તરીય વિસ્તારોમાં લીલાં જંગલો જોવા મળે છે. તે ઘણા સુંદર શહેરોનું ઘર છે. સિએરા લિયોનની અર્થવ્યવસ્થા પણ છેલ્લા કેટલાક દિવસોથી ઘણી અડચણોનો સામનો કરી રહી છે. હાલમાં એક ભારતીય રૂપિયો ૨૩૮.૩૨ રૂપિયા છે. એ જ રીતે ઈન્ડોનેશિયામાં ૦૧ ભારતીય રૂપિયાની કિંમત ૧૯૦ રૂપિયા બરાબર છે. વિયેતનામમાં આ કિંમત ૩૦૦ રૂપિયાની આસપાસ છે. આ બધા સુંદર દેશો છે, જ્યાં ઓછા પૈસામાં સરળતાથી મુલાકાત લઈ શકાય છે. તેના સુંદર કુદરતી સ્થાનો ઉપરાંત વિયેતનામ તેના સ્ટ્રીટ ફૂડ માટે જાણીતું છે.

### ગોલ્ડન-થ્રેડ સાડીમાં ધમાકેદાર ડાન્સ પર્ફોર્મન્સ

# નીતા અંબાણીએ પહેર્યો મોંઘોદાટ પન્નાનો નેકલેસ

## નીતા અંબાણીએ નાના દીકરા અનંતના પ્રી-વેડિંગ ફંક્શન્સના અંતિમ દિવસની ઈવેન્ટ માટે સિલ્વર કલરની કાંજીવરમ સાડી પહેરી હતી

જામનગર, તા.૫

નીતા અંબાણીનું જ્વેલરી કલેકશન એકદમ એક્સક્લૂઝિવ હોય છે, તેમાં એક ચીજ કોમન હોય છે તે છે એમારલ્ડ માટે તેઓનો લગાવ. મિસિસ અંબાણીની પાસે આ સુપર એક્સપેન્સિવ સ્ટોન્સથી જડેલા એકથી એક ચઢીયાતા જ્વેલરી પીસ છે અને દરેકની ડિઝાઈન પોતાનામાં ખાસ છે. નીતા જો નાના નાના પન્નાથી સજાવેલા હારમાં જોવા મળે છે તો તેઓને એવા નેકપીસમાં પણ જોવામાં આવે છે જેમાં સ્ટોન્સનો આકાર અને શેપ બિલકુલ સામાન્ય નહતો. અગાઉ ભાગ્યે જ કોઈએ આ પ્રકારનો નેકલેસ પહેરેલો જોયો હશે. મિસિસ અંબાણીને અગાઉ ક્યારેય આટલા મોટા નેકપીસ સાથે જોવામાં નથી આવ્યા. નીતા અંબાણીએ નાના દીકરા અનંતના પ્રી-વેડિંગ ફંક્શન્સના અંતિમ દિવસની ઈવેન્ટ માટે સિલ્વર કલરની કાંજીવરમ સાડી પહેરી હતી. જેને સુંદર જરદોશી એમ્બ્રોયડરીથી સજાવવામાં આવી હતી. આ હેન્ડમેડ સાડીને ડિઝાઈનર મનિષ મલ્હોત્રાએ કસ્ટમ ડિઝાઈન કરી છે અને તેને દક્ષિણ ભારતના સ્વદેશના આર્ટિસ્ટ્સ પાસે હેન્ડલૂમ ટેક્નિકથી તૈયાર કરવામાં આવી છે. આ સાડી સાથે બ્લાઉઝને ડિસન્ટ કટ આપવામાં આવ્યો હતો. ઉપરાંત આ સાડી પર કરવામાં આવેલી ઈન્ટ્રીકેટ જરદોશી મેચિંગ એમ્બ્રોયડરી કરવામાં આવી છે. આ સિલ્વર સ્ટોન સાડીની સાથે નીતાએ હીરા અને પન્ના જડીત જ્વેલરી પૅર કરી હતી, જે લૂકમાં કોન્ટ્રાસ્ટ એડ કરતા તેને ખુબસુરત બનાવી રહી હતી. ઓવરઓલ અપિયરન્સમાં રૉયલ ટચ એડ કરતા ઘરેણાંમાં સૌથી ખાસ મિસિસ અંબાણીનો હાર હતા, જેમાં નાના નાના ડાયમંડ્સની સાથે મોટાં એમરલ્ડ પણ જોડવામાં આવ્યા હતા. જો કે, સૌથી વધુ ધ્યાન તો વચ્ચે પેન્ડન્ટ તરીકે જડેલા સ્ક્વેર શેપ્ડ પન્નાએ ખેંચ્યુ. તેની સાઈઝ એટલી મોટી હતી કે કદાચ જ કોઈએ આટલી સાઈઝના એમરલ્ડને ક્યારેય જોયો હશે. નીતા અંબાણીનો હાર તો ખાસ હતો જ, પરંતુ તેઓની બાકીની જ્વેલરીની ડિઝાઈન પણ સ્ટનિંગ હતી. તેઓએ કાનમાં સેટથી મેચ કરતાં સ્ટડ્સ પહેર્યા હતા, જેને ડેલિકેટ ડિઝાઈનથી ડાયમંડ અને એમરલ્ડથી સજાવવામાં આવ્યા હતા. જ્યારે હાથમાં હીરાજડિત ચૂડી હતી જેની વચ્ચે કસ્ટમ મેડ બ્રેસલેટ જેવા કંગન હતા અને તેમાં પણ પન્ના સજાવવામાં આવ્યા હતા. તેઓની આંગળીમાં મોટી ડાયમંડ રિંગ ધ્યાન ખેંચી રહી છે. નીતા અંબાણી જ્યારે પણ સાડી પહેરે છે તેઓનો લૂક ગજબ જ લાગે છે. આ વખતે ભલે તેઓનો નેકલેસ વધુ ધ્યાન ખેંચી રહ્યો હતો પરંતુ તેઓનો ઓવરઓલ લૂક હંમેશાની માફક એલિગન્ટ અને ક્લાસિક ચાર્મ એડ કરી રહ્યો હતો. ટ્રેડિશનને સેલિબ્રેટ કરતાં નીતા અંબાણીએ વિશ્વંભરી સ્તુતિ પર અદભૂત પર્ફોર્મન્સ આપ્યું હતું. આ દરમિયાન ગોલ્ડન થ્રેડ રેડ સાડી અને ચમકદાર ડાયમંડ જ્વેલરીમાં તેઓનો લૂક કોઈ દેવીથી કમ નહોતો લાગતો. નીતા અંબાણીએ આ સ્તુતિની પ્રસ્તૃતિ દરમિયાન તેને ગ્રાન્ડડોટર્સ આદ્યા શક્તિ અને વેદાને સમર્પિત કર્યુ હતું અને તમામ યંગ ગર્લ્સ જેઓ ડિવાઈન એનર્જી કૅરી કરે છે.

### વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોને નુકસાન

# ઇયળે એરંડાના પાકને કર્યું મોટું નુકસાન, ખેડુતો ચિંતિત

## મહેસાણા જિલ્લાનાં વિસનગર તાલુકાના દેણપ ગામમાં એરંડાનાં પાકમાં કાતરા ઇયળનો ઉપદ્રવ વધ્યો છે

મહેસાણા, તા.૫

મહેસાણા જિલ્લામાં ૧,૬૪,૫૯૦ હેક્ટર જેટલી જમીનમાં શિયાળુ વાવેતર કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે એરંડા,કપાસ અને ઘઉંનું વાવેતર થતુ હોય છે. મહેસાણા જિલ્લામાં એરંડાનું વાવેતર ખાસ કરીને ખેડૂતો વધારે કરતા હોય છે. મહેસાણા જિલ્લાના ખેડૂતો રોકડિયા પાક તરીકે ખાસ કરીને એરંડાનું જ વાવેતર કરતા હોય છે અત્યારે મહેસાણા જિલ્લાના વિસનગરનાં દેણપ ગામના ખેડૂતોને એરંડામાં જોવા મળતા કાતરા ઈયળનો ઉપદ્રવ વધી ગયો છે, જેના લીધે દેણપ ગામના લોકો અને ખેડૂતો હાલ હાલાકી ભોગવી રહ્યા છે. દેણપ ગામના ખેડૂત સુથાર રમેશભાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા મહિનાથી ગામમાં કાતરા નામની ઈયળ એરંડાના પાકમાં જોવા મળે રહી છે. જેના કારણે એરંડાના પાકનું સંપૂર્ણપણે નાશ થયો છે. ખાસ કરીને પર્ણને નુકસાન પહોંચાડે છે, જેના કારણે સંપૂર્ણ છોડ નિષ્ફળ જાય છે. અને ઉત્પાદનમાં ઘણો ઘટાડો થાય છે. આ ઈયળ તમાકુના છોડને પણ નુકસાન પહોંચાડે છે. ખેડૂતે વધુમાં જણાવ્યું હતું કે, એરંડાનો પાક એક વિઘે ૫૦ થી ૬૦ મણનું ઉત્પાદન થાય છે અને અત્યારે બજારમાં એરંડાના ભાવ ૧૧૫૦ રૂપિયા જેટલા ચાલી રહ્યા છે. કાતરા ઈયળના કારણે તેના ઉત્પાદનમાં સાત - આઠ મણ જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે. પ્રતિ વિઘે આઠ થી દસ હજાર રૂપિયાની નુકસાની થઈ રહી છે. કાતરા ઈયળ છોડના પાન અને તેની મુખ્ય ધોરીને ખાઈ જાય છે. જેના કારણે ઉત્પાદન ઉપર સીધી અસર પડે છે.

### આવક થતા ભાવ પણ વધ્યાં

# મહુવા યાર્ડમાં ૧.૮૪ લાખ કટ્ટા સફેદ અને લાલ ડુંગળીની આવક

## માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉં ની હરાજી કરવામાં આવી હતી, પ્રતિ એક મણના ભાવ ૪૫૦ રૂપિયાથી લઈને ૬૦૬ રૂપિયા સુધીના નોંધાયા હતા

ભાવનગર, તા.૫

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૦૪ માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૦૪ માર્ચના રોજ કુલ ૧૭ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૧,૦૯,૧૯૬ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયાથી લઈને ૨૭૭ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીની ગુણી ૭૫,૦૦૦ની આવક નોંધાઈ હતી. જેના પ્રતિ એક મણના નીચા ભાવ ૧૨૫ રૂપિયા અને ઊંચા ભાવ ૩૯૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૫૫૧ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧૧૧૭ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉં ની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૫૦ રૂપિયાથી લઈને ૬૦૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરીના પ્રતિ એક મણના નીચા ભાવ ૩૬૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૪૮ રૂપિયા સુધીના નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલના ૨,૪૦૦ રૂપિયાથી લઈને ૨,૭૫૦ રુંપિયા સુધીના ભાવ નોંધાયા હતા. યાર્ડમાં કપાસના ૬૮ ગાસડીની આવક થઈ હતી. જેના પ્રતિ એક મણના ભાવ ૧૧૫૦ રૂપિયાથી લઈને ૧, ૪૧૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. યાર્ડમાં લીલા નારિયેળના ૨૭, ૧૨૦ નંગની આવક થઈ હતી. ૧૦૦ નંગના નીચા ભાવ ૪૨૬ રૂપિયા રહ્યા હતાં. ઊંચા ભાવ ૧,૬૯૦ રૂપિયા સુધી નોંધાયા હતા.

### પત્નીને ડબલ ભરણપોષણ ચૂકવવા પતિને આદેશ કર્યો

# બાળકોની સંભાળ રાખવી એ આરામ નથી: કર્ણાટક હાઈકોર્ટ

## પતિ એ આધાર પર ભરણપોષણની રકમ ચૂકવવાનો ઇનકાર કરી શકે નહીં કે તે પાત્ર હોવા છતાં કામ કરવા અને પૈસા કમાવવા માટે તૈયાર નથી

નવી દિલ્હી, તા.૫

કર્ણાટક હાઈકોર્ટે તાજેતરમાં કહ્યું હતું કે બાળકોની સંભાળ રાખવી એ પૂર્ણ સમયની નોકરી છે. કર્ણાટક હાઈકોર્ટે કહ્યું, 'પતિ એ આધાર પર ભરણપોષણની રકમ ચૂકવવાનો ઈનકાર કરી શકે નહીં કે તે પાત્ર હોવા છતાં કામ કરવા અને પૈસા કમાવવા માટે તૈયાર નથી અને પતિ દ્વારા આપવામાં આવેલા ભરણપોષણ પર જીવવા માંગે છે.' જસ્ટિસ એમ નાગપ્રસન્નાની સિંગલ જજની બેન્ચે હિંદુ લગ્ન અધિનિયમની કલમ ૨૪ હેઠળ તેણી દ્વારા માંગવામાં આવેલા રૂ. ૩૬,૦૦૦ને બદલે રૂ. ૧૮,૦૦૦ આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ પર સવાલ ઉઠાવતી મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજૂરી આપી હતી. માસિક ભરણપોષણની રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. મહિલાએ કોર્ટમાં કહ્યું કે તેનો પતિ કેનેરા બેંકમાં મેનેજર છે, તે લગભગ ૯૦,૦૦૦ રૂપિયાનો પગાર મેળવે છે અને તે પૈસા કમાવવા માટે લાયક હતી અને કામ કરતી હતી, પરંતુ તેણે બાળકોની સંભાળ રાખવા માટે તેની નોકરી છોડવી પડી હતી અને તેથી તેણે પૈસા ચૂકવવા પડ્યા હતા. કોર્ટે આ મામલામાં કહ્યું કે બાળકોની સંભાળ રાખવી એ ફુલ ટાઈમ જોબ છે. તે અસંખ્ય જવાબદારીઓ અને સમયાંતરે જરૂરી ખર્ચાઓથી ઘેરાયેલું છે. પત્ની, એક ગૃહિણી અને માતા તરીકે, ચોવીસ કલાક અથાક મહેનત કરે છે. પતિ હોવાના કારણે, પ્રતિવાદી પત્ની આળસુ છે તેવી દલીલ કરતો જોઈ શકાતો નથી. કોર્ટે કહ્યું કે પહેલા બાળકના જન્મ પછી પત્નીને બાળકની સંભાળ રાખવા માટે નોકરી છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું. પછી બીજા બાળકનો જન્મ થયો અને તેથી પત્નીએ બાળકોની સંભાળ રાખવા માટે તેની નોકરી સંપૂર્ણપણે છોડી દીધી. "પતિ હોવાના કારણે પ્રતિવાદી એવી દલીલ કરી શકતો નથી કે પત્ની આરામ કરી રહી છે અને બાળકોની સંભાળ રાખવા માટે પૈસા કમાતી નથી. કોર્ટે કહ્યું કે, "પ્રતિવાદી-પતિ દ્વારા કરવામાં આવેલી આવી દલીલો ફક્ત અસ્વીકાર્ય છે, ઓછામાં ઓછું કહેવા માટે, તે વાહિયાત છે."

# ઇતિહાસમાં નોંધાઇ છે ૩૦ ફેબ્રુઆરી, તો કેમ દૂર થઇ ડેટ

નવી દિલ્હી, તા.૫

ફેબ્રુઆરીમાં ૨૮ દિવસ હોય છે, પરંતુ દર ૪ વર્ષે એક વધારાનો દિવસ હોય છે, પરિણામે ૨૯ દિવસ થાય છે. આવું શા માટે થાય છે તેનું કારણ તમારે જાણવું જ જોઈએ. પરંતુ શું તમે જાણો છો કે ૩૦ ફેબ્રુઆરીની પણ એક તારીખ હોય છે. ઈતિહાસમાં આવા બે પ્રસંગો નોંધાયેલા છે, જ્યારે ૩૦મી ફેબ્રુઆરીની તારીખનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌથી પહેલા સ્વીડનની વાત કરીએ. ૧૭૦૦ ના દાયકામાં ફિનલેન્ડ પણ સ્વીડનનો એક ભાગ હતો. પછી સ્વીડને નિર્ણય લીધો કે તેઓ જુલિયન કેલેન્ડરમાંથી ગ્રેગોરીયન કેલેન્ડરમાં શિફ્ટ થશે. જુલિયન કેલેન્ડરમાં ૧૭૦૦નું વર્ષ લીપ વર્ષ હોવું જોઈએ, પરંતુ સ્વીડનમાં લીપ વર્ષ ઉજવવામાં આવ્યું ન હતું. પરંતુ એક ભૂલ થઈ અને વર્ષ ૧૭૦૪ અને ૧૭૦૮ને લીપ વર્ષ તરીકે ગણવામાં આવ્યા. આ કારણે દેશ જુલિયન અને ગ્રેગોરિયન બંને કેલેન્ડરમાં પાછળ રહી ગયો. પછી આ દેશે વિચાર્યું કે તે જુલિયન કેલેન્ડર પર પાછું ફરશે. સ્વીડનમાં તારીખ ૩૦ ફેબ્રુઆરી ૧૭૧૨ નક્કી કરવામાં આવી હતી કારણ કે તે વર્ષમાં જુલિયન કેલેન્ડર અપનાવવામાં આવ્યું હતું અને ૨ લીપ દિવસ ઉમેરવામાં આવ્યા હતા. ૧૭૫૩માં સ્વીડન ફરીથી ગ્રેગોરિયન કેલેન્ડર તરફ આગળ વધ્યું, પરંતુ આશ્ચર્યજનક બાબત એ હતી કે તે વર્ષે ૧૧ દિવસનું કરેક્શન માનવીને ૧૭ ફેબ્રુઆરી પછી સીધો ૧ માર્ચનો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો. આ રીતે લોકોને લાગ્યું કે તેમના જીવનના ૧૧ દિવસ તેમની પાસેથી ચોરાઈ ગયા છે. ઈતિહાસમાં ૩૦ ફેબ્રુઆરીનો બીજો પ્રસંગ સોવિયેત ક્રાંતિકારી કેલેન્ડર અનુસાર જોવામાં આવે છે. સોવિયેત સંઘે ૧૯૨૯માં ક્રાંતિકારી કેલેન્ડર લાગુ કર્યું, જે ૧૯૩૦-૩૧ માટે હતું અને તેમાં ૩૦ ફેબ્રુઆરીની તારીખનો સમાવેશ થતો હતો. આ કારણોસર આ પણ ઈતિહાસમાં એક ખૂબ જ પ્રખ્યાત ઘટના છે. આ કેલેન્ડરમાં એક મહિનામાં ૫ દિવસના અઠવાડિયા હતા. દરેક કામકાજના મહિનામાં ૩૦ દિવસ હતા. બાકીના ૫-૬ દિવસોને મહિના વગરની રજા તરીકે ગણવામાં આવતા હતા. સાત-દિવસના સપ્તાહને ખતમ કરી પાંચ-દિવસના સપ્તાહનો હેતુ બિન-કાર્યકારી દિવસોને કારણે થતા વિક્ષેપોને દૂર કરવાનો અને ઔદ્યોગિક કાર્યક્ષમતામાં સુધારો કરવાનો હતો. જો કે, આ સમય દરમિયાન સોવિયેત યુનિયનમાં ગ્રેગોરિયન કેલેન્ડર લાગુ કરવાનું ચાલુ કરાયુ હતું. ૧૯૪૦માં ૭ દિવસનું કાર્ય સપ્તાહ ફરી શરૂ થયું. શું તમે આ હકીકત વિશે પહેલાથી જ જાણો છો?

### Paytm બાદ હવે RBIએ આઈઆઈએફએલ વિરુદ્ધ કરી કાર્યવાહી

# આઈઆઈએફએલ ફાયનાન્સને નવી ગોલ્ડ લોનનું વિતરણ ન કરવાનો નિર્દેશ

## આરબીઆઈએ આ કાર્યવાહી ભારતીય રિઝર્વ બેંક એક્ટ, ૧૯૩૪ હેઠળ કરી છે, IIFL ફાયનાન્સને તાત્કાલિક અસરથી કોઈપણ ગોલ્ડ લોન મંજૂર ન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૫

ભારતીય રિઝર્વ બેંક એ IIFL ફાયનાન્સ સામે વધુ એક કડક કાર્યવાહી કરી છે. આરબીઆઈએ આઈઆઈએફએલ ફાઈનાન્સ પર ગોલ્ડ લોનનું વિતરણ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. સેન્ટ્રલ બેંકે મટીરીયલ સુપરવાઈઝરી ચિંતાઓને કારણે આ કાર્યવાહી કરી છે. જો કે, કંપની તેના હાલના ગોલ્ડ લોન પોર્ટફોલિયોને સેવા આપવાનું ચાલુ રાખશે. આરબીઆઈએ કહ્યું કે સ્પેશિયલ ઓડિટ પછી સંતોષકારક પરિણામ આવે તો IIFL ફાયનાન્સને રાહત મળી શકે છે. પેટીએમ પેમેન્ટ્સ બેંક પછી એક મહિનામાં આરબીઆઈની આ બીજી મોટી કાર્યવાહી છે. આરબીઆઈએ આ કાર્યવાહી ભારતીય રિઝર્વ બેંક એક્ટ, ૧૯૩૪ હેઠળ કરી છે. IIFL ફાયનાન્સને તાત્કાલિક અસરથી કોઈપણ ગોલ્ડ લોન મંજૂર ન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. RBI અનુસાર, ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધી કંપનીની નાણાકીય સ્થિતિની તપાસ દરમિયાન, ગોલ્ડ લોનમાં અનિયમિતતાઓ મળી આવી છે. કંપની ગોલ્ડ લોનના વિતરણ અને હરાજી દરમિયાન સોનાની શુદ્ધતા અને વજન અંગે યોગ્ય અહેવાલો આપી રહી ન હતી. આ ઉપરાંત લોન ટુ વેલ્યુ રેશિયોનું પણ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હતું. RBI અનુસાર, IIFL ફાઈનાન્સ લોન વિતરણ અને વસૂલાત દરમિયાન પણ ધોરણો કરતાં વધુ રોકડનો ઉપયોગ કરી રહ્યું હતું. આ ઉપરાંત ગ્રાહકો પર વસૂલાતા ચાર્જ અંગે પણ પારદર્શિતા જાળવવામાં આવી નથી. આરબીઆઈએ કહ્યું કે આ તમામ પદ્ધતિઓ IIFL ફાયનાન્સના ગ્રાહકોના હિતોને અસર કરી રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી આરબીઆઈ કંપનીના અધિકારીઓ સાથે મળીને આ ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરી રહી હતી. પરંતુ, જ્યારે સુધારાના પરિણામો સારા ન હતા ત્યારે સેન્ટ્રલ બેંકે આ કડક પગલું ભરવું પડ્યું હતું. જો આમ કરવામાં નહીં આવે તો ગ્રાહકોને વિપરીત અસર થઈ શકે છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ આરબીઆઈ દ્વારા તેની નાણાકીય સ્થિતિના આધારે IIFL ફાઈનાન્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જે પછી આ બધી ગેરરીતિઓ પ્રકાશમાં આવી હતી. આ પછી રેગ્યુલેટર દ્વારા કંપની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. આરબીઆઈ દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું કે કંપની દ્વારા નિયમોની અવગણના કરવી ગ્રાહકોના હિતમાં નથી. આ માટે આરબીઆઈ વરિષ્ઠ મેનેજમેન્ટ સાથે વાતચીત કરી રહી હતી. પરંતુ તેમની તરફથી કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા ન હતા, જેના કારણે કંપની પર બિઝનેસને લઈને નિયંત્રણો લાદવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, અગાઉ RBI દ્વારા નિયમોનું પાલન ન કરવા બદલ પેટીએમ પેમેન્ટ બેંક સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને કંપની દ્વારા ૧૫ માર્ચ, ૨૦૨૪થી તમામ સેવાઓ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### ટેસ્લાના એલન મસ્ક લાંબા સમયથી વિશ્વના સૌથી ધનવાન હતા

# વિશ્વના ધનવાનોની યાદીમાં એમેઝોનના જેફ બેઝોસ ટોચ પર પહોંચ્યા

## એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસની પાસે અત્યારે ૨૦૦ અબજ ડોલરની સંપત્તિ છે

નવી દિલ્હી, તા.૫

ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કે લાંબા સમયથી વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિનું સ્થાન મેળવ્યુ હતુ. જોકે હવે તેઓ દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ રહ્યા નથી. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ આ ધનવાનોની લિસ્ટમાં પહેલા સ્થાને આવી ગયા છે અને તેમણે ઈલોન મસ્કને બીજા સ્થાન પર ધકેલી દીધા છે. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસની પાસે અત્યારે ૨૦૦ અબજ ડોલરની સંપત્તિ છે અને આ સાથે જ તેઓ વિશ્વના સૌથી ધનવાન બિઝનેસમેન અને ધનવાન વ્યક્તિ બની ગયા છે. જોકે જેફ બેઝોસની સંપત્તિમાં પણ ૫૦૦ મિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે પરંતુ તેમની કુલ નેટવર્થ ૨૦૦ બિલિયન ડોલર પર છે જે ઈલોન મસ્કની કુલ સંપત્તિ કરતા વધુ છે. આ વર્ષે અત્યાર સુધીમાં જેફ બેઝોસે પોતાની સંપત્તિ ૨૩.૪ બિલિયન ડોલર વધારી દીધી છે જ્યારે ઈલોન મસ્કની નેટવર્થ આ વર્ષે ૩૧.૩ બિલિયન ડોલર ઘટી છે.

ગ્લોબલ બજારોમાં ઈલોન મસ્કની કંપની ટેસ્લાના શેરોમાં ભારે ઘટાડો આવ્યો છે અને જેના કારણે ઈલોન મસ્કની નેટવર્થમાં કુલ ૧૭.૬ બિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે. ટેસ્લાના શેરોની કુલ મૂડી ઘટવાના કારણે ઈલોન મસ્કની નેટવર્થ ઘટીને ૨૦૦ બિલિયન ડોલરથી નીચે જઈ પહોંચી. અત્યારે ૧૯૮ બિલિયન ડોલરની કુલ સંપત્તિ સાથે ઈલોન મસ્ક બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં બીજા સ્થાને પહોંચી ગયુ છે.ભારતના ધનવાન ઉદ્યોગપતિ મુકેશ અંબાણી બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં ૧૧માં સ્થાને છે અને ૧૧૫ બિલિયન ડોલર છે. મુકેશ અંબાણી આ વર્ષે અત્યાર સુધી ૧૮.૨ બિલિયન ડોલરની પોતાની નેટવર્થમાં જોડાઈ ચૂક્યા છે. ગૌતમ અદાણી આ લિસ્ટમાં ૧૨માં નંબરે છે અને તેમની પાસે હાલ ૧૦૪ બિલિયન ડોલરની નેટવર્થ છે. આ વર્ષે ગૌતમ અદાણીએ પોતાની નેટવર્થમાં ૧૯.૨ બિલિયન ડોલરનો વધારો કર્યો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં ટોપ ૧૦ ધનવાનોના નામ

| ધનવાનોના નામ | કુલ સંપત્તિ |
|---|---|
| જેફ બેઝોસ | ૨૦૦ બિલિયન ડોલર |
| ઈલોન મસ્ક | ૧૯૮ બિલિયન ડોલર |
| બર્નાર્ડ આર્નોલ્ટ | ૧૯૭ બિલિયન ડોલર |
| માર્ક ઝકરબર્ગ | ૧૭૯ બિલિયન ડોલર |
| બિલ ગેટ્સ | ૧૫૦ બિલિયન ડોલર |
| સ્ટીવ બાલ્મર | ૪૩ બિલિયન ડોલર |
| વોરેન બફેટ | ૧૩૩ બિલિયન ડોલર |
| લેરી એલિસન | ૧૨૯ બિલિયન ડોલર |
| લેરી પેજ | ૧૨૨ બિલિયન ડોલર |
| સેર્ગેઈ બ્રિન | ૧૧૬ બિલિયન ડોલર |

### ભારતીય એડટેક કંપની બાયજુસ નાણાકીય વિવાદોમા

# કર્મચારીઓને પગાર આપવા માટે કંપની પાસે રૂપિયા નથી

## કંપનીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેની યુએસ પેટાકંપની ૫૩૩ મિલિયન ડોલરની બેનિફિશિયલ ઓનર છે

નવી દિલ્હી, તા.૫

ભારતીય એડટેક કંપની બાયજુસ નાણાકીય વિવાદમાં ફસાયેલી છે કારણ કે યુએસ કોર્ટમાં કંપનીએ અમેરિકન હેજ ફંડમાં રોકાણ કરેલા ૫૩૩ મિલિયન ડોલરના ઠેકાણા અંગે સુનાવણી ચાલી રહી છે. જોકે, બીજી તરફ બાયજુના કર્મચારીઓનો દાવો છે કે તાજેતરના રાઈટ્સ ઈશ્યૂ દ્વારા ઊભા કરાયેલા ભંડોળને લોક કરતા રોકાણકારો સાથેના વિવાદને કારણે પગારમાં વિલંબનો આક્ષેપ કરે છે. બાયજુસે તેના એક નિવેદનમાં જણાવ્યું છે કે, કેમશાફ્ટે તેની તાજેતરની રજૂઆતમાં ડેલવેર કોર્ટમાં ખુલાસો કર્યો છે કે ૫૩૩ મિલિયન ડોલર BYJU's આલ્ફા પાસેથી અન્ય ૧૦૦ ટકા થિંક એન્ડ લર્નની માલિકીની પેટાકંપની Inspilearn LLC (એક ડેલવેર ફર્મ)ને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. મીડિયાના અહેવાલ મુજબ ૨ માર્ચના રોજ બાયજુસે જણાવ્યું હતું કે રોકાણકારો સાથેના વિવાદ પછી રાઈટ્સ ઈશ્યુ દ્વારા હમણાં જ એકત્ર કરાયેલા ભંડોળને (અલગ એકાઉન્ટમાં) લોક કર્યા પછી કર્મચારીઓને પગાર ચૂકવવા માટે તેની પાસે પૈસા નથી. તે કથિત રીતે સ્પષ્ટ નથી કે જો બાયજુસ ૫૩૩ મિલિયન ડોલરનું બેનિફિશિયલ માલિક છે, તો પછી તે શા માટે પગાર ચૂકવવા માટે તેનો ઉપયોગ કરી શક્યું નથી. બાયજુસ વિવાદિત ફંડની માલિકી જાળવી રાખે છે. કંપનીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેની યુએસ પેટાકંપની ૫૩૩ મિલિયન ડોલરની "બેનિફિશિયલ ઓનર" છે, જે હાલમાં તેના થિંક એન્ડ લર્ન ડિવિઝનની પેટાકંપની પાસે છે. આ કેટલાક રોકાણકારોના આક્ષેપોનો વિરોધાભાસ કરે છે કે જેઓ આક્ષેપ કરે છે કે ભંડોળ "બદલી કરવામાં આવ્યું હતું." યુએસ કોર્ટની આગામી સુનાવણી ભંડોળનું સ્થાન નક્કી કરશે. ફલોરિડા હેજ ફંડ કેમશાફ્ટ કેપિટલ ફંડ અગાઉ રોકાણનું સંચાલન કરતું હતું પરંતુ તેને તેનું વર્તમાન સ્થાન જાહેર કરવાનો અથવા સંભવિત પ્રતિબંધોનો સામનો કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. બાયજુસના રોકાણકારોના એક જૂથે કંપનીને કોર્ટમાં પડકારી છે અને તાજેતરના રાઈટ્સ ઈશ્યુને રોકવાની માંગ કરી અને મેનેજમેન્ટ પર ગેરવહીવટનો આરોપ લગાવ્યો છે. બાયજુસે તમામ આરોપોને નકારી કાઢ્યા છે.

### ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યા સામે કોર્ટે લાલ આંખ કરી છે

# ઢોરને રસ્તા પર રખડતા મૂકનારા ગૌપાલકને ત્રણ વર્ષની જેલની સજા

### ૨૦૧૯ના બનાવમાં કોર્ટે સેક્શન ૩૦૮, સેક્શન ૨૮૯ વગેરે કલમો લગાડી, ગૌપાલક સામે પશુઓની ઉપેક્ષા કરવાનો અને લોકો માટે જોખમી સ્થિતિ પેદા કરવાનો આરોપ લાગ્યો હતો

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યાના કારણે કેટલાય લોકોના જીવ ગયા છે. રસ્તા પર રખડતી ગાય કે આખલાના કારણે કોઈને ઈજા થઈ હોય અથવા મોત થયું હોય તેવી ઘણી ઘટનાઓ બનતી રહે છે. જોકે, અદાલતે આ અંગે કડક વલણ અપનાવવાનું શરૂ કર્યું છે જેના કારણે જવાબદાર લોકોને સજા થઈ રહી છે. તાજેતરમાં અમદાવાદમાં એક ગૌપાલકને કોર્ટે ત્રણ વર્ષની જેલની સજા કરી છે.આ કેસની વિગત પ્રમાણે જૂન ૨૦૧૯માં સાબરમતી પોલીસ સ્ટેશન એરિયામાં રખડતા ઢોર પકડતી ટીમે બે ગાય અને ત્રણ વાછરડાને પકડ્યા હતા. આ ઢોરને વાડામાં બંધ કરી રાખવાના બદલે રોડ પર રખડતા મૂકી દેવાયા હતા. તેના કારણે આ ઢોરના માલિક હરગોવિંદ દેસાઈ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. દેસાઈ સામે સેક્શન ૩૦૮, સેક્શન ૨૮૯ વગેરે કલમો લગાડવામાં આવી હતી. તેમની સામે પશુઓની ઉપેક્ષા કરવાનો અને લોકો માટે જોખમી સ્થિતિ પેદા કરવાનો આરોપ લાગ્યો હતો.ગાયો અને વાછરડાના માલિક હરગોવિંદ દેસાઈ સામે કેસ ચાલ્યો ત્યારે સાક્ષી તરીકે બે પોલીસમેન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે કર્મચારીઓના નિવેદન લેવાયા હતા. આ ઉપરાંત કેટલાક ડોક્યુમેન્ટ પણ અદાલતમાં રજુ કરાયા હતા. આ તમામ પૂરાવાના આધારે એડિશનલ સેસન્સ જજ સારંગા વ્યાસે ઢોરના માલિક હરગોવિંદ દેસાઈને રસ્તા પર ઢોર રખડતા છોડી મૂકવાના કેસમાં દોષિત ઠરાવ્યા હતા.કોર્ટે કહ્યું કે એએમસીની ટીમે ઢોર પકડી લીધા પછી દેસાઈ કોર્પોરેશનના વાડા પર ગયો હતો અને ઢોરને છોડાવી લીધા હતા. તેના પરથી સાબિત થાય છે કે આ ગાયો અને વાછરડા તેની માલિકીના જ હતા.દેસાઈએ જ્યારે કોર્ટને સજામાં રાહત આપવાની વિનંતી કરી ત્યારે જજે કહ્યું કે રખડતા ઢોરના કારણે ઘણા બધા અકસ્માતો થાય છે. ઘણા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને સામાન્ય લોકોને તકલીફ પડે છે કારણ કે રોડ પર ઢોર ફરતા હોય છે. તેથી સમાજમાં દાખલો બેસે તે માટે આ કેસમાં મહત્તમ સજા આપવામાં આવી છે.૨૦૧૮માં ગુજરાત હાઈકોર્ટે રખતા ઢોર અંગે કડક વલણ અપનાવ્યું ત્યારથી સિવિક ઓથોરિટી અને સિટી પોલિસનું ટેન્શન વધી ગયું છે. હાઈકોર્ટે વારંવાર સત્તાવાળાઓને ઠપકો આપ્યો છે અને રખડતા ઢોરની સમસ્યાનો નિકાલ લાવવા તથા આ અંગે કડક પગલાં લેવા ટકોર કરી છે.સત્તાવાળાઓના ઢીલા વલણના કારણે ૨૦૧૯માં હાઈકોર્ટમાં કોર્ટના તિરસ્કારની અરજી થઈ હતી. ત્યાર પછી સિવિક ઓથોરિટીએ રખડતા ઢોરને પકડવાની કામગીરી મોટા પાયે વધારી દીધી છે. હાઈકોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનને આ મામલે અત્યાર સુધીમાં શું થયું તેનો રિપોર્ટ દર બે મહિને આપવા જણાવ્યું છે. ત્યાર બાદ રાજ્ય સરકારે પણ આ અંગે એક પોલિસી ઘડવી પડી છે.

### દેશમાં લોકસભાની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે

# મોદી સરકારમાં બેકારી વધી, કેન્દ્રની ૧૦ લાખ ખાલી જગ્યા ભરાશે : રાહુલ

### કોંગ્રેસ તેના ઈલેક્શન મેનિફેસ્ટોમાં આ વચનની જાહેરાત કરે એવી શક્યતાઓ જણાઈ રહી છે

નવી દિલ્હી, તા.૫

સમગ્ર દેશમાં અત્યારે લોકસભા ચૂંટણીનો રંગ જામી ગયો છે. તેવામાં કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બેરોજગારી વધી રહી હોવાના મુદ્દે નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે યુવાનોને યોગ્ય નોકરીઓની તક નથી મળી રહી. તેમણે સોમવારે વધુમાં કહ્યું હતું કે જો રાહુલ ગાંધી સત્તામાં આવશે તો ઈન્ડિયા ગઠબંધન લગભગ ૧૦ લાખ સેન્ટ્રલ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટની ખાલી જગ્યાઓ ભરશે. છેલ્લા ૧૦ વર્ષમાં જે વેકેન્સી આવી છે તે બધી ફૂલફીલ થશે એવું તેમણે જણાવ્યું હતું. કોંગ્રેસ તેના ઈલેક્શન મેનિફેસ્ટોમાં આ વચનની જાહેરાત કરે એવી શક્યતાઓ જણાઈ રહી છે. જોકે આના ફાઈનલ ડ્રાફ્ટને પી.ચિદંબરમની આગેવાની વાળી એઆઈસીસી કમિટિ ક્લિયર કરે તેવી સંભાવના જણાવાઈ રહી છે.

રાહુલ ગાંધીએ ટ્વિટ કર્યું એના પડઘા પડી રહ્યા છે. તેમાં તેણે કહ્યું હતું કે દેશના યુવાનો તમે એક વાત નોટ કરી લેજો. નરેન્દ્ર મોદીની નીયત રોજગારી આપવાની છે જ નહીં. નવા પદ પર તેઓ ભરતી કરે એ તો દૂરની વાત રહી પરંતુ તે કેન્દ્ર સરકારની ખાલી પડેલી જગ્યાઓ પર પણ તાળુ લગાવી બેઠા હોય તેવું લાગી રહ્યું છે. જો સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્ર સરકારનાં આંકડાઓ પર નજર કરીએ તો ૭૮ વિભાગોમાં ૯ લાખ ૬૪ હજાર પદો ખાલી છે.
મહત્ત્વપૂર્ણ વિભાગોમાં જ જોઈએ તો રેલવેમાં ૨.૯૩ લાખ, ગૃહ મંત્રાલયમાં ૧.૪૩ લખ અને રક્ષા મંત્રાલયયમાં ૨.૬૪ લાખ પદો ખાલી છે. શું કેન્દ્ર સરકાર પાસે આ વાતનો કોઈ જવાબ છે કે નહીં તેવું રાહુલ ગાંધીએ સવાલ કરીને પૂછ્યું હતું. આ સમયે ૧૫ મુખ્ય વિભાગોમાં છે એમાં ૩૦ ટકાથી વધુ પદ ખાલી કેમ છે એ પણ સવાલ ઉઠાવ્યો હતો.

રાહુલ ગાંધીએ ટ્વિટમાં વધુમાં કહ્યું હતું કે ખોટી ગેરંટીઓનો કોથળો લઈને ફરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જ કાર્યકાળમાં મોટી સંખ્યામાં આટલા બધા ખાલી નોકરીના પદો કેમ ભરી નથી શકતા? પરમેનેન્ટ નોકરીઓ આપવાને બોજ ગણી રહી હોય તેવી ભાજપ સરકાર સતત કેમ કોન્ટ્રાક્ટ સિસ્ટમને પ્રાધાન્ય આપી રહી છે. જ્યાં સુરક્ષા પણ નથી કે સન્માન પણ નથી.
રાહુલે વધુમાં કહ્યું કે ખાલી પડેલા પદ દેશના યુવાનોનો હક છે અને અમે આ હકને ભરવા માટે એક શાનદાર પ્લાન તૈયાર કર્યો છે. ઈન્ડિયાનો સંકલ્પ છે કે અમે યુવાનો માટે નોકરીના બંધ દરવાજા ખોલી દઈશું. બેરોજગારીના અંધારાને ચીરી નાખીશું અને યુવાનોનો ભાગ્યોદય કરી નવો સૂર્યોદય લાવીશું.

### MLA રમણ વોરાએ CMને વળતર માટે પત્ર લખ્યો

# કરા સાથે વરસાદથી ખેતીમાં નુક્સાનને લઈ ખેડૂતો દ્વારા વળતરની માંગ

### ઉત્તર ગુજરાતમાં શનિવારે કમોસમી વરસાદ વરસવાને લઈ મોટું નુક્સાન ખેતીમાં સર્જાયાના ભીતિ સેવાઈ રહી છે

ઈડર, તા.૫

કમોસમી વરસાદને લઈ ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસવાને લઈ ખેતી પાકોમાં મોટું નુક્સાન સર્જાયુ છે. ખેડૂતોએ સિઝનમાં કરેલી મહેનત છેક આવીને હવે પાણીમાં ધોવાઈ જવાની સ્થિતિને લઈ મોટું નુક્સાન સર્જાયુ છે.
જેને લઈ હવે ખેડૂતો દ્વારા વળતરની માંગ કરવામાં આવી રહી છે.ઉત્તર ગુજરાતમાં શનિવારે કમોસમી વરસાદ વરસવાને લઈ મોટું નુક્સાન ખેતીમાં સર્જાયાના ભીતિ સેવાઈ રહી છે. કમોસમી વરસાદ અનેક વિસ્તારોમાં કરા સાથે વરસ્યો હતો. જેને લઈ ઉભા પાકનો સોથ વળી ગયાના દ્રશ્યો અનેક વિસ્તારોમાં ખેતરમાં જોવા મળી રહ્યા છે. આ દરમિયાન ઈડરના MLA અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ રાજ્યના કૃષિ પ્રધાનને પત્ર લખીને નુકસાન વળતર માટે રજૂઆત કરી છે. સાબરકાંઠાના ઈડર અને વડાલી વિસ્તારમાં પોણા ઈંચ કરતા વધારે વરસાદ કરા સાથે વરસ્યો હતો. કરાને લઈ વિસ્તારમાં ખેતરો અને રસ્તાઓ પર સફેદ ચાદર છવાઈ ગઈ હતી. જેના વીડિયો પણ ખૂબ વાયરલ થયા હતા. જે વીડિયો જોઈને જ વિસ્તારના ખેડૂતોની સ્થિતિ સમજી શકાય એવી હતી. અનેક ખેતરોમાં પાકનો સોથ વળી ગયાનુ નજર આવી રહ્યુ હતુ.દરમિયાન સ્થાનિક ઈડર અને વડાલી વિસ્તારના ખેડૂતોને નુક્સાનને લઈ કિસાન સંઘ દ્વારા ધારાસભ્ય રમણલાલ વોરાને રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈ રમણલાલ વોરાએ આ અંગે રાજ્યના મુખ્યપ્રધાન અને કૃષિ પ્રધાનને સંબોધીને રજૂઆત કરી છે. મુખ્યપ્રધાનને પત્ર લખીને રજૂઆત કરી છે કે, વિસ્તારમાં કમોસમી વરસાદને લઈ ખેત પાકોને નુક્સાન વળતર આપવામાં આવે.

### MLA ગેનીબેન ઠાકોરનો બળાપો

# કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાનારા સ્વાર્થી, અહીં પલ્લું ભારે થશે એટલે પાછા આવશે

### હું ૨૦ વર્ષથી કહેતી આવી છું કે, હું કોંગ્રેસમાંજ રહેવાની છું. જીવીશ ત્યાં સુધી હું કોંગ્રેસમાં રહીશ એવું તેમણે ગણાવ્યુ હતુ

બનાસકાંઠા, તા.૫

કોંગ્રેસના એક બાદ એક ધારાસભ્ય અને આગેવાનો હવે ભાજપમાં જોડાઈ રહ્યા છે. કોંગ્રેસને છોડીને અમરીશ ડેર અને અર્જૂન મોઢવાડીયા પણ કેસરીયા કરી ચૂક્યા છે. આ દરમિયાન બનાસકાંઠાના વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે કહ્યુ છે, કે સ્વાર્થમાં તેઓ ભાજપમાં જોડાય છે.

ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના નેતાઓને સ્વાર્થી હોવાનું ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે ગણાવ્યુ છે. તેઓએ કહ્યુ હતુ. ગેનીબેને કહ્યુ હતુ કે, સ્વાર્થી લોકો ભાજપમાં જોડાય છે. કોંગ્રેસનું પલ્લું ભારે થશે, ત્યારે તેઓ આ બાજુ આવશે એવુ નિવેદન પણ કર્યુ હતુ. સામ, દામ, દંડ અને ભેદની નીતિથી વશ થઈને ધારાસભ્ય અને આગેવાનો ભાજપમાં જોડાતા હોવાનું પણ ગણાવ્યુ હતુ.કોંગ્રેસ છોડવા અંગેના સવાલને લઈ ગેનીબેન કહ્યુ હતુ, કે હું ૨૦ વર્ષથી કહેતી આવી છું કે, હું કોંગ્રેસમાંજ રહેવાની છું. જીવીશ ત્યાં સુધી હું કોંગ્રેસમાં રહીશ એવું તેમણે ગણાવ્યુ હતુ. કોંગ્રેસમાં લાંબો સમય સુધી રહેવાનો રેકોર્ડ રહેશે. મંગળવારે કમલમ ખાતે અર્જૂન મોઢવાડીયા અને અંબરીષ ડેર ભાજપમાં સામેલમાં થયા છે.

### પીએમએલ-એન અને પીપીપીના ગઠબંધનથી સરકાર બની

# મોદીએ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને શુભેચ્છા પાઠવી

### વડા પ્રધાન મોદીએ ફરી એકવાર ભારત વતી પાકિસ્તાન સમક્ષ મિત્રતાનો હાથ લંબાવ્યો

ઈસ્લામાબાદ, તા.૫

પાકિસ્તાનમાં ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ શરીફ (પીએમએલ-એન) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના ગઠબંધન અંગે સહમતી બની હતી, જે બાદ શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડા પ્રધાન બન્યા છે. એવામાં આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શાહબાઝ શરીફને પાકિસ્તાનના વડા પ્રધાન બનવા બદલ શુભેચ્છા પાઠવી છે.

વડા પ્રધાન મોદીએ ફરી એકવાર ભારત વતી પાકિસ્તાન સમક્ષ મિત્રતાનો હાથ લંબાવ્યો છે, વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શાહબાઝને અભિનંદન પાઠવ્યા છે.
વડા પ્રધાન મોદીએ એક્સ પર લખ્યું કે, શાહબાઝ શરીફને પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ અભિનંદન.

નોંધનીય છે કે, ૭૨ વર્ષીય શાહબાઝ શરીફે સોમવારે પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. તેઓ વર્ષ ૨૦૨૨ પછી બીજી વખત દેશની કમાન સંભાળશે. નોંધનીય છે કે પાકિસ્તાન હાલ ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, એવામાં શહેબાઝ શરીફ સામે મોટા પડકારો હશે. રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ રાષ્ટ્રપતિ ભવન 'આયવાન-એ-સદર' ખાતે આયોજિત સમારોહમાં શહેબાઝને પદના શપથ લેવડાવ્યા હતા.

અગાઉ સંસદ ભંગ થયા પહેલા શાહબાઝ શરીફે એપ્રિલ ૨૦૨૨ થી ઓગસ્ટ ૨૦૨૩ સુધી ગઠબંધન સરકારના વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. હવે તાજેતરની ચૂંટણી પછી, પીએમએલ-એન અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) એ ગઠબંધન કર્યું. આ ગઠબંધન તરફથી શાહબાઝ શરીફનું નામ વડા પ્રધાન તરીકે નક્કી કરવામાં આવ્યું હતું.

### ૧૧ માર્ચથી ૨૨ માર્ચ દરમિયાન ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ યોજાશે

# રાજ્યમાં ૧૧ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓનો પ્રારંભ

### રાજ્યભરના ૯ લાખ ૧૭ હજાર ૬૮૭ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ની પરીક્ષા આપશે

ગાંધીનગર, તા.૫, રાજ્યમાં ૧૧ માર્ચથી ગુજરાત એજ્યુકેશન બોર્ડ અને હાયર સેકન્ડરી બોર્ડની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. આ પરીક્ષાઓને શાંતિપૂર્ણ રીતે અને સારા વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારના ગેરરીતિના બનાવો ન બને તેને લઈને બોર્ડે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. ગુજરાતમા ધોરણ ૧૦માં ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે જ્યારે ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની મળીને કુલ ૬.૨૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ માહિતી આપતા જણાવ્યુ કે આગામી ૧૧ થી ૨૨ માર્ચ દરમિયાન ૨૦૨૪ દરમિયાન ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. જેમા રાજ્યભરના ૯ લાખ ૧૭ હજાર ૬૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ૧ લાખ ૩૨ હજાર ૦૭૩ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૪ લાખ ૮૯ હજાર ૨૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ સાથે રાજ્યમાં ૩૧ માર્ચે ગુજકેટની પરીક્ષા યોજાશે. જેમા ૧ લાખ ૩૭ હજાર ૭૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. કુલ મળીને રાજ્યમાં ૧૬ લાખ ૭૬ હજાર ૭૩૯ વિદ્યાર્થીઓ બોર્ડ-ગુજકેટની પરીક્ષા આપનાર છે.વધુમાં પ્રવક્તા મંત્રીએ જણાવ્યુ કે પરીક્ષા પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરે નહિ અને પ્રમાણિકતાથી પરીક્ષા આપે તે જરૂરી છે. બોર્ડની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા સ્થળો (બિલ્ડીંગો) C.C.T.V. કેમેરાની દેખરેખ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. PATA એપ્લીકેશન દ્વારા પ્રશ્નપત્રોની ઝોનલ કચેરીથી પરીક્ષા સ્થળ સુધી અને પરીક્ષા સ્થળ ખાતે પરીક્ષા ખંડમાં પ્રશ્નપત્ર પહોંચે ત્યાં સુધીનું ટ્રેકિંગ કરવામાં આવે છે.પરીક્ષા સ્થળ કે પરીક્ષા ખંડમાં મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કેટલાક તત્વો દ્વારા પ્રશ્નપત્ર અંગે સોસિયલ મિડિયામાં ગેરમાર્ગે દોરવાના સમાચારો ફેલાવવામાં આવે છે તેનાથી સૌ વાલીઓ અને વિદ્યાર્થીઓએ સજાગ રહેવું અને અફવાઓ ધ્યાને ન લેવી. તેમણે કહ્યું હતું કે, મહાનગર પાલિકા વિસ્તારમાં ટ્રાફિકવાળા વિસ્તારોમાં આવવા જવા માટે વિદ્યાર્થીઓએ ઘરથી પરીક્ષા સ્થળનું અંતર અને ટ્રાફિક ધ્યાને લઈને નીકળવું જેથી સમયસર પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકાય. પરીક્ષા સ્થળ ખાતે પહોંચવામાં રસ્તામાં કોઈપણ પ્રકારની સમસ્યા ઉદભવે તો ૧૦૦ નંબર ઉપરથી પોલીસની સહાય મેળવીને પણ પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકાશે.પરીક્ષાઓમાં ગેરરીતિના કિસ્સામાં દોષિત વ્યક્તિને દોષિત સાબિત થતા ૩ વર્ષ કરતાં ઓછી ન હોય અને ૫ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા અથવા રૂ.૨૦૦૦૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

### ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને માહોલમાં ગરમાવો

# અર્જુન મોઢવાડિયા અને અંબરિશ ડેરે કેસરિયો ધારણ કર્યો

### કોંગ્રેસ છોડીને આવેલા નેતાઓને ભાજપના રાજ્યના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે કેસરિયા પહેરાવ્યા



ગાંધીનગર, તા.૫

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે પોતાના પહેલી યાદીમાં ગુજરાતના ૧૫ સહિત ૧૯૫ ઉમેદવારની જાહેરત પણ કરી દીધી છે જ્યારે ગુજરાતમાં કોંગ્રેસની હાલત દિવસેને દિવસે ખરાબ થતી જાય છે. રાહુલ ગાંધીની યાત્રા ગુજરાતમાં પ્રવેશ કરે તે પહેલા જ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા રાજીનામાં આપી રહ્યા છે અને ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે આજે પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર, કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને પૂર્વ ધારાસભ્ય કમલમ ખાતે વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે. તેમની સાથે જામનગરના મૂળુ કંડોરીયા પણ ભાજપમાં જોડાયા છે. ત્રણેય નેતાઓએ ભાજપ પ્રદેશ પ્રમુખની હાજરીમાં કેસરિયો ધારણ કર્યો છે.

ભાજપનો ખેસ ધારણ કર્યા બાદ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, '૧૯૪૭માં દેશને આઝાદી મળી તે પહેલા સમગ્ર દેશની જનતા અને નાગરિકો, ક્રાંતિકારીઓ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ એકઠા થયા હતા. તેમાં તમામ વિચારધારાના લોકો હતા. લક્ષ્ય હતું રાજકીય આઝાદીનું. આઝાદી મળી પણ સામાજિક અને આર્થિક આઝાદી મેળવવાની બાકી છે. આજે પણ આપણને આ સપનું અધુંરું દેખાય છે. તે વખતે મહાત્મા ગાંધી અને સરાદાર સાહેબ દેશનું નેતૃત્વ કરતા હતા. આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. વિકસિત ભારતનું સપનું લઈને દિવસ અને રાત જોયા વગર કામ કરી રહ્યા છે.'
વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, 'દેશમાં રાજનીતિમાં કોઈ ઉદ્દેશ સાથે આવતું નથી. વડાપ્રધાન મોદીનો ઉદ્દેશ દેશમાં બદલાવ અને દેશને વિશ્વની મહાસત્તા તરીકે પ્રસ્તાપિત કરીને પાંચ ટ્રિલિયન ડોલરનું સપનું જોયું છે. સામાજિક અને આર્થિક આઝાદીનું સપનું વડાપ્રધાન મોદી જોઈ રહ્યા છે. એ વખતે પણ તમામ સમાજના લોકો સામ્યવાદી પક્ષને બાદ કરતા તમામ વિચારધારાના લોકો એકઠા થયા હતા. આ વખતે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ તમામ પ્રબુદ્ધ નાગરિકો એક થઈને આર્થિક અને સામાજિક બદલાવનું કામ કરે છે.'

અંબરીશ ડેરે ભાજપનો ખેસ પહેર્યા બાદ જણાવ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે વન બુથ ૧૦ યુથ કાર્યક્રમ ચલાવાયો હતો. તેવા સમયે કે જ્યારે મોબાઈલ કેમેરા વાળો ન હતો. તેવા સમયે અમરેલી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે મૂકીને અમરેલીના એકે એક ગામમાં યુવા મોરચાના કામ કરેલું. સ્થાનિક લેવલે અમૂક કાર્યકર્તાઓ સાથે મતભેદ થતા પાર્ટી છોડી હતી. ૨૦૧૭માં કોંગ્રેસે ટિકિટ આપી અને હું ધારાસભ્ય રહ્યો. વ્યક્તિગત ટિપ્પણીથી બચીને બોલવાનો પ્રયત્ન કર્યો. સરકારમાં હાલમાં મંત્રીઓ કામ કરી રહ્યા છે તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પણ કામ કરવાની તક મળી છે.'
પાટીલ સાથે મુલાકાત અંગે અંબરીશ ડેરે કહ્યું કે, 'મારા માતાની તબિયત ખરાબ હતી ત્યારે પાટીલ ઘરે પધાર્યા ત્યારે વાત થઈ. અને આજે ભાજપમાં જોડાયો છું. મારા મત વિસ્તારના કાર્યકર્તાઓ પણ ભાજપમાં જોડાશે. આવતીકાલે રાજુલાના અસંખ્ય કાર્યયકર્તાઓ ભાજપમાં જોડાવાના છે.

રામ મંદિર આમંત્રણ અંગે અંબરીશ ડેરે કહ્યું કે, 'કોંગ્રેસના મોડવી મંડળે અને નજીકના લોકોએ અમુક બાબતોમાં મિસગાઈડ કર્યા. રામ મંદિર પ્રસંગે જે સ્ટેટમેન્ટ આવ્યું તે આઘાતજનક અને નિરાશાજનક રહ્યું. બધાજ ધર્મનો આદર અને સન્માન કરીએ છીએ. પરંતુ ઘરના મોભી નારાજ થાય તે વ્યાજબી નહીં. કોઈને દોષ આપવા માંગતો નથી. કોઈનું ખરાબ કહેવા માંગતો નથી.

### મુખ્ય ચૂંટણી કમિશનરે લોકસભાની ચૂંટણીને લઈને માહિતી આપી

# ચૂંટણીમાં હિંસા સહન નહીં કરાય, સરકારી બાબુઓ નિષ્પક્ષ રહે: રાજીવ કુમાર

### ચૂંટણી દરમિયાન હિંસા રોકવા માટે ચૂંટણી પંચ સી-વિજિલ નામની એપ્લિકેશન લોન્ચ કરવા જઈ રહ્યું છે જેમાં યુઝર્સઓ ફરિયાદ નોંધાવી શકે છે

કોલકાતા, તા.૫

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મંગળવારે પશ્ચિમ બંગાળમાં આગામી લોકસભા ચૂંટણીને લઈને કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની હિંસા સહન કરવામાં આવશે નહીં. ચૂંટણી પંચનો મુખ્ય હેતું રાજયમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને હિંસામુક્ત ચૂંટણી કરાવવાનો છે. ચૂંટણીમાં ભય અથવા ડરાવવા માટે કોઈ સ્થાન નથી. સરકારી બાબુઓના પક્ષપાતી વલણને સહન કરવામાં આવશે નહીં. રાજ્યમાં પર્યાપ્ત સંખ્યામાં કેન્દ્રીય સુરક્ષા દળો તહેનાત કરવામાં આવશે' ચૂંટણી દરમિયાન હિંસા રોકવા માટે ચૂંટણી પંચ સી-વિજિલ નામની એપ્લિકેશન લોન્ચ કરવા જઈ રહ્યું છે. સી વિજિલનો અર્થ નાગરિકોની તકેદારી થાય છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે સી-વિજિલ એપની વિશેષતાઓની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'જો ચૂંટણી માટે કોઈપણ પ્રકારની અનિયમિતતા અથવા હિંસા થવાની તૈયારી કરવામાં આવી રહી છે, તો યુઝર્સઓ આ એપ દ્વારા ફરિયાદ નોંધાવી શકે છે. ૧૦૦ મિનિટમાં દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ ઉમેદવાર ગુનાહિત બેકગ્રાઉન્ડ ધરાવતો હોય તો આ એપ દ્વારા ઉમેદવારની ઓળખ કરી શકાશે અને તેની સામેના ગુનાહિત કેસોની ઓળખ કરી શકાશે. આ સાથે ઉમેદવારે તેના ગુનાહિત આરોપો અંગે ત્રણ સમાચારપત્રોમાં જાહેરાત આપવી પડશે. રાજકીય પક્ષોએ પણ તેમની વેબસાઈટ અને સમાચારપત્રો દ્વારા આમ કરવાનું રહેશે.'મહિલાઓને આગળ લાવવા અને પ્રોત્સાહન આપવા માટે રાજીવ કુમારે કહ્યું કે, 'આગામી લોકસભા ચૂંટણી માટે કેટલાક મતદાન કેન્દ્રો માત્ર મહિલાઓ દ્વારા ચલાવવામાં આવશે. તે મતદાન કેન્દ્રો પર મહિલા સુરક્ષા દળો પણ તહેનાત કરવામાં આવશે. કેટલાક મતદાન કેન્દ્રો સંપૂર્ણપણે વિકલાંગ વ્યક્તિઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. જેથી સમાજમાં એક દાખલો બેસાડી શકાય.'નોંધનીય છે કે, ચૂંટણી પંચની ટીમે સોમવારે રાજ્યમાં લોકસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં ભાજપે પંચ પાસે માગ કરતા કહ્યું કે,'લોકસભા ચૂંટણી દરમિયાન રાજ્યમાં માત્ર સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ) તહેનાત કરવામાં આવે. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી માટે જરૂરી છે.'

# CCEની પરીક્ષા માટે અલગથી તારીખ આપવાનો નિર્ણય

### પરીક્ષાની તારીખે ઉમેદવારના લગ્ન, પ્રસૂતિ, કે અન્ય કોઈ પરીક્ષા હશે તો અલગ તારીખ અપાશે

ગાંધીનગર, તા.૫

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, હવે કેટલાક ઉમેદવારો માટે CCEની પરીક્ષા માટે અલગથી તારીખ જાહેર કરવામાં આવશે. વિગતો મુજબ જો પરીક્ષાની તારીખે ઉમેદવારના લગ્ન, પ્રસૂતિ કે અન્ય કોઈ પરીક્ષા હશે તો અલગ તારીખ અપવાનો નિર્ણય કરાયો છે. જેના માટે ઉમેદવારે ૧૨ માર્ચ પહેલા સોગંધનામા અને આધાર-પૂરાવા સાથે રજૂઆત કરવી પડશે.ગુજરાત ગૌણ સેવા પસંદગી મડળ દ્વારા જાહેરાત ક્રમાંક ૨૧૨/૨૦૨૩૨૪ ગુજરાત ગૌણ સેવા ક્લાસ ૩ની ગ્રુપ છ અને Bની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત કુલ ૫,૫૫૪ જગ્યાઓ પર સીધી ભરતીની જાહેરાત કરાઈ છે. આ માટે ઉમેદવારો પાસેથી ૪ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન OJAS વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. જેની CCEની પરીક્ષા તારીખ તા. ૧ એપ્રિલ ૨૦૨૪થી તા. ૮ મે ૨૦૨૪ દરમિયાન પ્રતિદિન ચાર સેશનમાં CBRT પદ્ધતિથી આયોજન કરવામાં આવી છે.

# રફાળા મુકામે ઈન્દ્રોડિયા પરિવારનાં કુળદેવી શ્રી જક્ષણી માતાજી અને મહાકાળી માતાજીનાં નૂતન મઢનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



રાજકોટ જીલ્લાના રફાળા મુકામે સમસ્ત ઈન્દ્રોડિયા પરિવારના કુળદેવી શ્રી જક્ષણી માતાજી અને મહાકાળી માતાજીનો મઢ આવેલ છે. અહીં મઢ અને માતાજીના મઢનું પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન ઈન્દ્રોડિયા પરિવાર દ્વારા ગત રવિવારના રોજ ભવ્ય અને દિવ્ય રીતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ, અમદાવાદ, અમરેલી, બાબરા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા ઈન્દ્રોડિયા પરિવારના લોકો પરિવાર સાથે ઉપસ્થિત રહી માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ સહભાગી બની આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. અહીં સવારે યજ્ઞ, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના સભ્યોનું સન્માન બાબરાના કિરીટભાઈ ઈન્દ્રોડિયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### સંસ્થાના સર્વેસર્વા વસંતભાઈ ગજેરા દ્વારા

## અમરેલીના ગજેરા સંકુલના સ્પોર્ટસ વિભાગનાં વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન અપાયા

### હોકી, હેન્ડબોલ, સ્વીમીંગ, શુટિંગ, રમતમાં દેખાવ બદલ શુભેચ્છા પાઠવાઈ

અમરેલી, તા. ૫

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં કાર્યરત જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત અભ્યાસ કરતા અને સ્કુલમાં અભ્યાસ કરતા હોકી, હેન્ડબોલ, સ્વીમિંગ, શુટીંગ, એથ્લેટીકસ, જુડો રમતોમાં તાજેતરમાં નેશનલ મેડલ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવેલ હતા. ટ્રસ્ટી વસંતભાઈ ગજેરા દ્વારા વિદ્યાર્થીઓએ કરેલ મહેનત થકી મળેલ સફળતાને બિરદાવી હતી અને કોચ–ટ્રેનર દ્વારા સતત મળતું શિક્ષણ માટે અભિનંદન આપ્યા હતા. નોંધનીય છે કે સંસ્થામાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ સ્પોર્ટસમાં અનેક વિદ્યાર્થીઓએ રાજયકક્ષા/રાષ્ટ્રીયકક્ષાએ મોટી સિધ્ધીઓ હાંસલ કરેલ છે. તેઓને શાળામાં આ તમામ રમતોની પ્રેકટીસ માટે સવાર–સાંજ ટ્રેનિંગ આપવામાં આવે છે. અલગ–અલગ રમતોના સુવિદ્યાઓ ઉપલબ્ધ કરાવી હજુ પણ આગળ સિધ્ધીઓ પ્રાપ્ત કરે અને આ




મેડલ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓની પાસેથી અન્ય વિદ્યાર્થીઓ પણ પ્રેરણા મેળવે તેવી આશા વ્યકત કરેલ છે. નોંધનીય છે કે ડીએલએસએસ યોજના અંતર્ગત પસંદગી પામેલ ખેલાડીઓને અભ્યાસ / નિવાસ/ભોજન/ટ્રેનિંગ/ સ્પર્ધામાં પાટીશીપેશન એસએજી દ્વારા આપવામાં આવે છે. ખેલાડીઓને નિઃશુલ્ક તમામ સુવિદાઓ સાથે સ્ટેશનરી–યુનિફોર્મ પણ આપવામાં આવે છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, સંસ્થાના મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી, સ્કુલ – કોલેજના પ્રિનસીપાલઓ, શિક્ષકઓ અને કોચ/ટ્રેનરો હાજર રહયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીનાં હરસુરપુર દેવળીયા ગામેથી**

મકાનમાં ગેરકાયદેસર નામ વગરનું દવાખાનુ/કલીનીક ચાલતું હોય જે અન્વયે સદરહું જગ્યાએ મેડીકલ ઓફીસર તથા ફાર્મસીસ્ટ સાથે રેઈડ કરતા રમેશચંદ્ર જીવરામભાઈ ત્રિવેદી, નામનાં ૭૫ વર્ષિય વૃધ્ધ (રહે.હરસુરપુર દેવળીયા, તા.લાઠી) વાળા ઈસમ પાસેથી એલોપેથીક દવાઓ દવાની બોટલો ઈન્જેક્શન સીરીંજ મળી કુલ નંગ–૨૬ કિમત રૂા. ૫૪,૯૫૪.૫૭ ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે લાઠી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી માટે ભાજપ ઉમેદવારની પસંદગીનું**

છે. જિલ્લાની લગભગ તમામ પાલિકા, તાલુકા પંચાયતો અને જિલ્લાપંચાયતમાંભાજપનોભગવો લહેરાઈ રહ્યો છે. જિલ્લામાં ભાજપનાં મુળીયા મજબૂત છે. આજથી લગભગ ૪૦ વર્ષ પહેલા જયારે રાજય કે દેશમાં ભાજપ મજબૂત ન હતો તેવા સમયે અમરેલીમાંથીદિલીપસંઘાણીભાજપ તરફથી ધારાસભ્ય બન્યા હતા.

આમ અમરેલી જિલ્લા જનતાનો ઝોક છેલ્લા ૩૦–૪૦ વર્ષથી ભાજપ તરફી હોવાથી ભાજપનાં અનેક આગેવાનો સાંસદ બનવા ઉતાવળા થયા છે. પરંતુ ભાજપ હાઈકમાન્ડ ધ્વારા પસંદગી માટે કોઈ ઉતાવળ કરાશે નહી અને એવા વ્યકિતની પસંદગી થશે જે ભાજપનાં કાર્યકરો અને આગેવાનો તેમજ જનતામાં પણ પ્રિય હોય.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં બહારપરામાં આયુર્વેદ પંચકર્મનાં**

લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૩૨ જેની કુલ કિમત રૂપિયા ૨૯, ૪૭૨– ૭૫ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરી, પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નીદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરી, મજકુરે ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા ગુજરાત મેડિકલ પ્રેકટિસનર એકટ ૧૯૬૩૧૯૬૩ની કલમ ૩૦.૩૫ તથા ગુજરાત મેડિકલ કાઉન્સીલ એકટ ૧૯૬૭ ની કલમ ૨૯ ત થા ઈન્ડિયન મેડિકલ કાઉન્સીલ એકટ ૧૯૫૬ ની કલમ–૧૫(૩) મુજબ ગુનો કરતા મેડીકલ ઓફીસર (અર્બન હેલ્થ સેન્ટર, બહારપરા )ની ફરિયાદ ઉપરથી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

## અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારનાં માર્ગો, કોઝવે અને પુલ બનાવવા માટે રૂપિયા ૨૫.૨૫ કરોડ મંજૂર

### મુખ્યમંત્રી ગ્રામિણ સડક યોજના અંતર્ગત રકમ મંજૂર

અમરેલી, તા. ૫

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના જાગૃત ધારાસભ્ય કૌશિક વેકરિયા રાજય સરકારને જિલ્લાના સર્વાંગીણ વિકાસ માટેની રજુઆતો સતત કરતા આવ્યા છે. જિલ્લાના પંચાયત હસ્તકના અનેક રસ્તાઓના હયાત નાળા અને કોઝ વે બન્યાને વર્ષો થઈ ગયા હોવાથી બધા જ નાળા અને પુલિયાને નવા બનાવવા કે રિપેર કરવાની જરૂરિયાત ઉભી થયેલ. જે બાબતે ગંભીરતાથી હાથ પર લઈને ધારાસભ્ય કૌશિક વેકરિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને રજૂઆત કરેલ.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ વાતની ગંભીરતા સમજીને તાત્કાલિક આવા કામો મંજૂર કરતા અમરેલી તાલુકાના કુલ ૧૨ ગામોના કામને જોબ નંબર ફાળવી કુલ રૂપિયા ૨૫.૨૫ કરોડના કામોને મંજુરી આપી દીધેલ છે. આ કામોમાં અમરેલી તાલુકાના રંગપુર ગામે રંગપુર વિલેજ પોર્શન ઓડીઆર સુવિધાપથ ખાસ અંગભૂત યોજના સદર હેઠળ રૂપિયા ૧૨૫ લાખના ખર્ચે બનશે. જશવંતગઢ ટુ સ્ટેટ હાઈવેનો વિલેજ માઈનોર બ્રિજ



રૂપિયા ૧૮૦ લાખના ખર્ચે, ચિતલ લાતીબજાર રોડ માઈનોર બ્રિજ ૧૫૦ લાખના ખર્ચે, ગાવડકા ટુ ચલાલા સ્ટેટ હાઈવે માઈનોર ૧૧૦ લાખના ખર્ચે, મોટા આંકડિયા–પીપળલગ રોડ માઈનોર બ્રિજ તથા પ્રોટેકશન વોલ ૨૨૦ લાખના ખર્ચે, ટિંબલા એપ્રોચ રોડ માઈનોર બ્રિજ ૧૮૦ લાખના ખર્ચે, ચાડિયા–મેડી રોડ સ્લેબ ડ્રેઈન ૭૦ લાખના ખર્ચે, હરીપુરા–સુરગપુરા રસ્તો માઈનોર બ્રિજ તથા પ્રોટેકશન વોલ ૨૦૦ લાખના ખર્ચે, સુરગપુરા એપ્રોચ રોડ માઈનોર બ્રિજ ૮૦ લાખના ખર્ચે, મોટા આંકડિયા દલિતવાસ રસ્તો સ્લેબ ડ્રેઈન ૬૦ લાખના ખર્ચે, ચાંપાથળ ટુ સાવરકુંડલા સ્ટેટ વી આર મેજબ બ્રિજ ૯૫૦ લાખના ખર્ચે અને નવા આંકડિયા વિલેજ પોર્શન માઈનર બ્રિજ રૂપિયા ૨૦૦ લાખના ખર્ચે નોર્મલ સદર હેઠળ મંજૂર કરવામાં આવ્યા છે.

આમ ઉપર મુજબના કુલ ૧૨ કરતા વધુ ગામોને સ્પર્શતા રસ્તાને લગતા કામો રૂપિયા ૨૫.૨૫ કરોડને ખર્ચે મંજૂર થવાથી આગામી દિવસોમાં નવા પુલ તથા નવા સી.ડી. વર્કસના કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. એમ કૌશિક વેકરીયાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

## અવસાન નોંધ

**બાબરા :** સ્વ. લક્ષ્મીદાસભાઈ વસાણીનાં પત્ની રમાબેન તે નાનાલાલ, પ્રભુદાસભાઈ અને મનહરભાઈનાં ભાભી તથા સ્વ. વિનોદરાય અને દિલીપભાઈ, કિરણભાઈનાં માતૃશ્રી શ્રીજી ચરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા. ૮/૩/૨૦૨૪ શુક્રવારનાં રોજ સાંજે ૪ થી ૬ કરિયાણા મુકામે તેમના નિવાસસ્થાને રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૫ | ૧૫૭૮ |
| ૨ | ચણા | ૧૦૪૦ | ૧૦૭૫ |
| ૩ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | ધાણા | ૧૩૫૧ | ૧૪૫૦ |
| ૬ | જીરૂ | ૪૩૨૦ | ૪૫૫૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૬૪૨ |
| ૨ | ઘઉં | ૪૪૯ | ૫૫૧ |
| ૩ | ચણા | ૧૦૬૧ | ૧૧૧૯ |
| ૪ | જીરૂ | ૪૨૨૫ | ૫૨૭૫ |
| ૫ | ધાણા | ૧૨૬૦ | ૨૨૦૦ |
| ૬ | મેથી | ૯૭૦ | ૧૨૩૦ |
| ૭ | રાઈ | ૯૯૦ | ૧૧૦૦ |
| ૮ | તુવેર | ૧૩૮૦ | ૨૦૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૭૫ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૩ | ઘઉં | ૪૪૬ | ૫૪૭ |
| ૪ | ચણા | ૯૭૧ | ૧૦૮૦ |
| ૫ | સફેદ ચણા | ૧૧૦૦ | ૧૧૧૬ |
| ૬ | ધાણા | ૧૩૦૧ | ૧૭૦૫ |
| ૭ | એરંડા | ૧૦૭૪ | ૧૦૭૪ |
| ૮ | તુવેર | ૧૫૪૧ | ૧૬૯૧ |
| ૯ | જીરૂ | ૪૫૦૦ | ૪૬૨૫ |
| ૧૦ | મેથી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૧ | રાઈ | ૧૦૭૬ | ૧૦૭૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૧ | ૧૨૧૫ |
| ૨ | શિંગ મોટી | ૯૦૫ | ૧૨૯૪ |
| ૩ | તલ સફેદ | ૨૨૨૫ | ૨૭૪૦ |
| ૪ | તલ કાળા | ૨૦૮૫ | ૨૭૫૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૮૦૦ | ૪૧૫૦ |
| ૬ | જુવાર | ૬૨૦ | ૯૫૦ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૧૦ | ૭૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૫૮ |
| ૯ | ચણા | ૯૩૦ | ૧૧૧૨ |
| ૧૦ | ચણા દેશી | ૧૩૨૫ | ૧૪૪૦ |
| ૧૧ | તુવેર | ૧૦૪૦ | ૧૯૫૫ |
| ૧૨ | કપાસ | ૧૦૫૦ | ૧૬૨૩ |
| ૧૩ | એરંડા | ૧૦૩૫ | ૧૦૯૧ |
| ૧૪ | જીરૂ | ૨૦૦૦ | ૫૧૪૦ |
| ૧૫ | રાયડો | ૮૩૫ | ૮૭૨ |
| ૧૬ | ઈસબગુલ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૭ | ધાણા | ૧૨૧૫ | ૨૦૦૫ |
| ૧૮ | ધાણી | ૧૩૦૦ | ૨૭૬૦ |
| ૧૯ | મેથી | ૧૦૦૦ | ૧૨૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૭૦૦ |
| ૩ | જીરૂ | ૪૩૦૦ | ૫૫૦૦ |
| ૪ | કપાસ | ૧૨૫૧ | ૧૬૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૨૫ | ૬૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૫ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૫૮૦ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૭૧૨ |
| ૯ | મઠ | – | ૯૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૨૫ | ૧૧૨૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૨૫ | ૧૪૬૦ |
| ૧૨ | તુવેર | ૧૫૦૦ | ૧૯૩૮ |
| ૧૩ | એરંડી | ૧૦૯૨ | ૧૧૦૬ |
| ૧૪ | મેથી | ૧૧૦૦ | ૧૨૬૧ |
| ૧૫ | ધાણા | ૧૪૫૧ | ૨૬૨૧ |
| ૧૬ | સોયાબીન | ૭૫૦ | ૮૪૦ |
| ૧૭ | વાલ | ૧૦૦૦ | ૧૨૯૦ |



## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૧ | ૨૭૦૧ |
| ૩ | તલ પીળા | ૩૭૦૦ | ૩૮૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ૫ | બાજરો | ૪૩૫ | ૫૦૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૧૫ |
| ૭ | જુવાર | ૬૬૦ | ૮૬૫ |
| ૮ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | ચણા | ૯૫૧ | ૧૧૬૫ |
| ૧૦ | જીરૂ | ૪૪૦૦ | ૪૮૭૦ |
| ૧૧ | અજમા | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૧૨ | ધાણા | ૧૪૨૧ | ૧૫૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ૨ | ચણા | ૯૫૫ | ૧૦૯૬ |
| ૩ | ધાણી | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૪ | રાયડો | ૮૫૨ | ૮૮૦ |
| ૫ | ધાણા | ૯૫૫ | ૧૫૫૨ |
| ૬ | ઘઉં લોકવન | ૩૫૨ | ૪૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૧૮ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૭૬૫ |
| ૯ | મેથી | ૭૫૦ | ૭૫૦ |
| ૧૦ | સોયાબીન | ૬૩૫ | ૮૦૫ |
| ૧૧ | જુવાર | ૮૦૫ | ૮૦૫ |
| ૧૨ | લસણ | ૧૩૦૫ | ૧૩૦૫ |

# અમરેલી ખાતે 'પરીક્ષા એક ઉત્સવ' અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજાયો


અમરેલી, શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર પાણી દરવાજા દ્વારા સદગુરૂ શ્રી ભકિતસંભવદાસજી સ્વામીશ્રીના શુભ આર્શિવાદથી શ્રી ધનશ્યામ બાલમંડળ દ્વારા આગામી પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થી તેમજ વાલીઓનાં માર્ગદર્શન માટે પરીક્ષા એક ઉત્સવએ વિષય પર મોટીવેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીનાં જાણીતા ઉત્સાહી નવયુવાન મોટીવેશન વકતા કેવલ મહેતાએ વિદ્યાર્થીઓમાં આત્મા વિશ્વાસમાં વધારો થાય તેમજ પરીક્ષાના ભયથી મુકત થાય વાલીઓ જાગૃત બને અને બાળકોમાં ઉત્સાહ સાથ નિર્ભયતા પુર્વક પરીક્ષા સહેજે આપી શકે તે વિષય પર વિસ્તૃત માહિતી આપી પરીક્ષાના ગંભીર વિષયને ઉત્સવ સભર પુર્ણ કરે એ માટે પરીક્ષા એક ઉત્સવ એ વિષય પર પોતાનું વકતવ્ય આપ્યું હતું, અને બાળકોમાં સંસ્કારના બીજ રોપાય અને એક આદર્શ બાળક સમાજને તેમજ રાષ્ટ્રને મળે એ માટે વાલિઓને બાલસભામાં પોતાના બાળકોને અચુક મોકલે તે ભલામણ કરી હતી. આરંભમાં અમરેલી મંદિરના કોઠારી ગોપલમુનીદાસજી સ્વામી તથા પુજારી ભગવાનદાસજી સ્વામીએ કાર્યક્રમમાં પોતાનાં શુભ આશિર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમના આમંત્રણને માન આપી પધારેલ લેઉવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ ભુવા તથા પ્રોફેશર વિપુલભાઈ બાલધા તથા એકસપર્ટ કલાસીસ ભાવેશભાઈ વ્યાસ તથા પીઝા પોઈન્ટના માલિક રાહુલભાઈ તથા કૃણાલભાઈ તેમજ શ્રી સરસવતી વિદ્યામંદિર જેશીંગપરાના આચાર્ય પ્રવિણભાઈ કથીરીયા તથા સેમિનારના અલ્પાહારના યજમાન હર્ષભાઈ સુરેશભાઈ ઉનડકટ (સુરૂચા) વગેરે મહાનુભાવો તથા આ કાર્યક્રમમાં ૨૫૦ કરતા વધારે બાળકો તેમજ ૧૦૦ કરતા વધારે વાલીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના સમાપનમાં બલસભાના સંચાલક પાર્ષદવર્ય ઋષિભગતે આ કાર્યક્રમ સફળ બનાવવા સહયોગી થયેલ કેવલ સર તેમજ આમંત્રિત મહેમાનો તથા ધનશ્યામ યુવકમંડળ તથા હરિભકતો તેમજ સ્વયંમ સેવકોનો હૃદયથી આભાર અભિવ્યકત કર્યો હતો.

### અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષને ફટકા ઉપર ફટકા

## સા.કુંડલા તાલુકા કોંગ્રેસનાં ઉપપ્રમુખ જયદીપભાઈ ખુમાણે પક્ષમાંથી રાજીનામુ ધરી દીધુ

### આગામી દિવસોમાં વધુ કોંગી આગેવાનો પક્ષ છોડવા મજબુર



અમરેલી તા. ૫

સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામના સરપંચ, તાલુકાના ક્ષત્રીય સમાજના સક્રીય આગેવાન અને તાલુકા કોંગ્રેસ સમિતીના ઉપપ્રમુખ જયદીપભાઈ ખુમાણે કોગ્રેસ પક્ષના પ્રાથમીક સભ્ય પદેથી રાજીનામું આપ્યુ છે. તેમની સાથે તેમના ટેકેદારોએ પણ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપ્યુ છે.

અને સી.આર.પાટીલની હાજરીમાં તેમના ટેકેદારો સાથે ભાજપમાં જોડાય તેવી શકયતાઓ છે.

જયદીપભાઈ ખુમાણ આ વિસ્તારના રાજકીય વર્ચસ્વ ધરાવતા ત્રણ ટર્મ તાલુકા પંચાયતના પ્રમુખ રહેલા અને ભાજપ પ્રેરીત વિધાનસભામાં ઉમેદવારી કરેલા અને ક્ષત્રીય સમાજના પીઢ અગ્રણીશ્રી સ્વ.શ્રી બબલાભાઈ ખુમાણના ભત્રીજા છે.

### સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે આજે નવચંડી હોમાત્મક નવચંડી યજ્ઞ યોજાશે

### ધાર્મિકજનોને દર્શન કરવા પધારવા મુકેશ સંઘાણીનું આમંત્રણ



અમરેલી, તા. ૫

સારહી યૂથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમનું લોકાર્પણ આગામી તાઃ - ૧૦/૦૩/૨૦૨, ને રવિવારે થવા જઈ રહ્યું છે. ત્યારે આવતીકાલે તા. ૦૬/૦૩/૨૦૨,ના રોજ સવારે ૮:૩૦કલાક થી પ્રારંભ થશેઈજયારે યજ્ઞની પૂર્ણાહુતિ (બીડુંહોમ) સાંજે ૪:૦૦ કલાકે થશે તેમજ હેમાદ્રી પ્રાયચિત વિધિ સવારે ૭:૩૦ કલાકે થશેઈતો સૌ ધર્મપ્રેમી લોકોને દર્શન કરવા પધારવા મુકેશભાઈ સંઘાણીનું આમંત્રણ છે. તેમ સારહી યૂથ ક્લબ ઓફ અમરેલીની યાદી જણાવે છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં લોક સાહિત્યનો કાર્યક્રમ યોજાયો




અમરેલી, તા. ૫

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલી ખાતે યુવા લોકસાહિત્યકાર તેજદાન ગઢવીનો લોકસાહિત્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તેજદાન ગઢવીએ પોતાની આગવી શૈલીમાં ચારણી સાહિત્ય, લોકગીત, દુહા, છંદ વગેરે રજુ કરી વિદ્યાર્થીઓ અને હાજર શ્રોતાઓને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

પ્રસ્તુત કાર્યક્રમમાં સંસ્થાના વિદ્યાર્થીઓ પણ સાથીદાર તરીકે સહયોગ આપ્યો હતો. જેમાં ઢોલકમાં કામલીયા કૃપાલ, મંજીરા કતીયાલ રાજવીર અને તબલામાં સાંગાણી ઉત્કર્ષ. આ શાળાના વિદ્યાર્થી કામળીયા કૃપાલે પરંપરાગત દુહા અને સપાખરા ગીતો આગવી શૈલીમાં રજૂ કર્યા હતા. શાળાના શિક્ષક જીતેન્દ્રભાઈ ગોંડલિયા અને મીતલબેન પંડયાએ ભજન અને સુગમ સંગીત રજૂ કર્યા હતા.

આ પ્રસંગે મોટીવેશન સ્પીકર પિયુષભાઈ ધાનાણી પણ ઉપસ્થિત રહી કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.

અંતમાં ગુણવંતરાય જોષી દ્વારા કલાકારોને શાબ્દિક બિરદાવી આભાર વિધી કરેલ હતી. એકંદરે આ કાર્યક્રમ સુંદર રીતે રજૂ થયો.

### વિધાનસભા ચુંટણી વખતે આપેલા વચનોને સાર્થક કરવા

## લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના કામો મંજુર કરાવતા ધારાસભ્ય તળાવીયા

### ધારસભ્યના અવિરત પ્રયાસોથી રૂપિયા ૧૯.૬૫ કરોડના કામો મંજુર થયા

અમરેલી, તા.૫

હાલ ગુજરાતની રાજય સરકાર તેમજ દેશની કેન્દ્ર સરકાર દ્વારા શહેરો અને ગ્રામ્ય કક્ષાના રોડ રસ્તા નાળા પુલો, માઈનર બ્રીજ સહિતના કામો પૂરજોશમાં થઈ રહ્યા છે ત્યારે લાઠી બાબરા દામનગર વિસ્તારના જાગૃત અને સતત પ્રયત્નશીલ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી બાબરા દામનગર વિસ્તાર સહિત ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે રાજયના મુખ્યમંત્રી પાસે રજૂઆતો કરી વિધાનસભાની ચૂંટણી વખતે તેઓએ જનતાને આપેલા વચનો પૂર્ણ કરવા સતત પ્રયાસો કરી રહ્યા છે. લાઠી દામનગર બાબરા વિસ્તારના કોઈપણ લોકપ્રશ્ન હોય, રોડ રસ્તા હોય કે પછી પીવાના પાણી કે સિંચાઈના પાણીની વાત હોય તમામ કામો માટે ધારાસભ્ય સતત પ્રયત્નશીલ છે અને લોકપ્રશ્નોને વાચા આપવાનું કામ કરી રહ્યા છે. આ અગાઉ પણ ધારાસભ્યના પ્રયાસોથી પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે આશરે રૂપિયા ૬૦ કરોડ જેવી માતબર રકમના કામો પાણી પુરવઠા બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને જે કામો હાલ પ્રગતિ હેઠળ છે. આવી રીતે ખેડૂતોના પ્રશ્નો હોય કે લાઠી બાબરા દામનગર વિસ્તારની વિકાસની ગતિને આગળ ધપાવવા માટેની વાત હોય આ માટે આ વિસ્તારના ધારાસભ્ય સતત કાર્યરત રહેશે આ અગાઉ ધારાસભ્ય ના પ્રયાસોથી લાઠી બાબરા દામનગર વિસ્તારના અનેક રોડ રસ્તાઓને સૈદ્ધાંતિક મંજૂરી અપાવવામાં આવી છે તેમજ ઘણા રોડ રસ્તા ના કામો ના ભૂમિ પૂજન કરી કામો શરૂ કરાવવામાં આવ્યા છે. સમગ્ર રાજયમાં જયારે તમામ ક્ષેત્રોમાં વિકાસ થઈ રહ્યો છે ત્યારે મારો વિસ્તાર વિકાસમાં પાછળ ન રહે તેવી નેમ સાથે ધારાસભ્ય જનક તળાવીયા સતત કામ કરી રહ્યા છે શહેરી વિસ્તાર હોય કે પછી ગ્રામ્ય વિસ્તાર તમામ જગ્યાએ વિકાસ થવો જોઈએ આ જ જેમનો જીવન મંત્ર છે તેના માટે જ તેઓ સમગ્ર વિસ્તારમાં રાત દિવસ પ્રવાસ કરી તેઓના મતવિસ્તારમાં આવેલ કોઈ ગામ કે શહેર વિકાસથી વંચિત ન રહે તેની સતત ચિંતા કરી રહ્યા છે.ત્યારે હાલમાં લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના નવા કામો મંજૂર કરાવી વિધાનસભાની ચૂંટણી વખતે આપેલા વચનોને પૂરા કરવામાં ધારાસભ્ય ખરા સાબિત થયા છે.

વિકાસના કામો થકી જન કલ્યાણની ભાવના સાથે લાઠી બાબરા દામનગર વિસ્તારની આજુબાજુમાં આવતા ગ્રામ્ય વિસ્તારો સહિત તમામ જગ્યાએ નાળા, પુલ, માઈનોર બ્રિજ, પ્રોટેક્શન દિવાલ, કોઝવે ટુ બ્રિજ જેવા વિવિધ કામો માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના કામો મંજૂર કરવામાં આવતા ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનવામાં આવ્યો હતો તેમજ લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના નવા કામો મંજૂર થવાથી ગ્રામ્ય કક્ષાના અનેક વર્ષો જૂના પ્રશ્નોનો ઉકેલ આવશે તેવી આશા સાથે લાઠી બાબરા વિધાનસભાની સમગ્ર જનતા એ ધારાસભ્યનો આભાર માની ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

## સા.કુંડલાના ચરખડીયાનાં હની ટ્રેપનાં કેસનો મુખ્ય સુત્રધાર ઝડપાયો



અમરેલી, તા. ૫

સાવરકુંડલાના ચરખડીયા ગામના ખેડૂત યુવાનને હની ટ્રેપ માં ફેસાવનાર ટોળકીમાં કુલ આઠ શખ્સો કે જેમાં બે મહિલાઓ અને છ પુઢષો સામેલ હતા.જેમાંથી એક મહિલાને ત્રણ પુઢષો સહિત ચાર આરોપીઓ પકડાઈ ચૂકેલ. જયારે ઉત્તર પ્રદેશની એક મહિલા સહિત અન્ય ત્રણ શખ્સો ફરાર હતા.

આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર પોતાની રાજકીય અને આર્થિક વગ નો ઉપયોગ કરી આખો મામલો રફેદફે કરવાના પ્રયત્નો આદર્યા હતા. 'અમરેલી એસ્પ્રેસ' ને સુરત ખાતેના પોતાના સોસ દ્વારા મુખ્ય સૂત્રધારના નામ અને ફોટા સહીત તમામ હકીકતો મળતા તુરત જ જિલ્લા ઉચ્ચ અધિકારીને આ બાબતે વાકેફ કર્યા હતા. જેના પગલે આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર કે જેનું મૂળ વતન ચલાલા છે. આ વોન્ટેડ આરોપીના નામે સુરત કતારગામ પોલીસ સ્ટેશન અને ગુનાઓ નોંધાયેલા છે. અમુક ગુનાઓમા તો પોલીસ ચોપડે હજી પણ ફરાર છે. ઉતર પ્રદેશમા એક લુટનો ગુન્હો ઉપરાંત સૂરત માં આંગડિયા પેઢી ની એક કરોડની લૂંટમાં પણ આરોપી છે.

હની ટ્રેપની આ આંતરરાજય ટોળકી છે, જે આખા રાજયમાં પોતાના શિકાર શોધતી રહે છે. મળતી માહિતી મુજબ અમરેલી જીલ્લા પોલીસ દ્વારા આ શખ્સને સુરતથી દબોચી લેવામાં આવ્યો છે અને સાવરકુંડલા લાવવામાં આવ્યો છે અને આવતીકાલે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે.જો ખરેખર કડકાઈથી પૂછપરછ કરવામાં આવશે તો અસંખ્ય ગુનાઓ બહાર આવવાની શક્યતા છે. અને આ ટોળકીના મુખ્ય યુ.પી.ની મહિલા સહિત અન્ય બે આરોપીઓ ની ભાળ પણ મળ શે.આવા તત્વોને કડક માં કડક દાખલા રૂપ અને જેમ બને તેમ જલ્દી સજા થાય તો નિર્દોષ યુવાનોને લલચાવી, ભોળવી,છેતરી પોતાની જાળમાં ફસાવતા તત્વોમાં કાયદાનો ડર પેસે.

# મોટી કુંકાવાવ ખાતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો







મોટી કુંકાવાવ ખાતે *ખોડલધામ સમિતિ તથા ખોડલધામ વિદ્યાર્થી સમિતિ – ગૌ સેવા ધુન મંડળ – આયોજિત' 'સારહી યુથ કલબ ઓફ અમરેલી નાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં સેવા વર્ષની ઉજવણીનાં ભાગરૂપે 'શ્રી સારહી યુથ' 'કલબ ઓફ અમરેલી' ' પ્રમુખ મુકેશભાઈ સંઘાણી' દ્વારા આયોજીત મોટી કુંકાવાવ મુકામે ' વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી સુદર્શન નેત્રાલય અમરેલીના સહયોગથી' રાખેલ જેમાં '૨૮૧ દર્દીઓ ની આંખ' ની તપાસ કરવા માં આવેલ જેમાંથી '૨૭ દર્દીને મોતિયાનાં, ૩ દર્દી ને વેલ નાં ઓપરેશન કરવા મોકલવામાં આવેલ, ૫૪ દર્દીને આંખનાં ચશ્મા આપવામાં આવેલ' ' સુદર્શન નેત્રાલય' 'અમરેલી નાં ડોકટરઓ' એ 'આંખ નાં તમામ રોગોની વિના મૂલ્યે તપાસ' કરેલ. આ 'કેમ્પ મા દીપ પ્રાગટય પરમ પૂજય વિસામણ બાપુ ની જગ્યા નાં સંચાલક ભયલુંબાપુ કરેલ અને આશીર્વચન પાઠવેલ' આ 'અવસરે ઉપસ્થિત રહેતા' સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં કાયકારી પ્રમુખ સુરેશભાઈ શેખવા,' તાલુકા ભાજપનાં પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, માજી તાલુકા પંચાયત પ્રતીનિધિ વસંતભાઈ સોરઠીયા, રાજેશભાઈ સુખડીયા, યોગેશભાઈ દવે, કૌશિકભાઈ પાનસુરીયા, ઉમેશભાઈ ચોવટીયા, યશ બાબરીયા, ધ્રુવેશ ડોબરીયા, દર્શન કુનડીયા, મનીષભાઈ જોબનપુત્રા, અશોકભાઈ માંથુકિયા, મુનાભાઈ દવે, લાલજીભાઈ ઠુંમર, પ્રશાંતભાઈ સોજીત્રા સહિત નાં ' મહાનુભાવોએ હાજરી આપી અને દર્દી નારાયણની વ્યવસ્થા અને સેવા કરેલ હતી'.

## મુકેશ સંઘાણી, હિરેન હિરપરા અથવા કૌશિક વેકરિયા, કસવાલામાંથી કોઈ એકની પસંદગી

# અમરેલી માટે ભાજપ ઉમેદવારની પસંદગીનું મનોમંથન શરૂ

### દોઢ ડઝન દાવેદારો હોય હાઈકમાન્ડ એક એક નામ પર ગંભીરતાથી કરે છે સમીક્ષા

### બાવકુભાઈ ઉંઘાડ, ગોપાલ વસ્તરપરા કે પછી અન્ય કોઈ દાવેદાર પસંદ થાય તો પણ નવાઈ નહી

### જિલ્લાનાં ભાજપનાં તમામ આગેવાનોની સર્વ સંમતી થાય તેવું નામ પસંદ થશે

### જિલ્લાનાં ભાજપ, કોંગ્રેસનાં કાર્યકરો ઉપરાંત મતદારોમાં પણ ભાજપનાં ઉમેદવારને લઈને અનેકવિધ અટકળો

અમરેલી, તા. ૫

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવારની પસંદગી માટે જોરદાર મનોમંથન ચાલી રહ્યું છે. કારણ કે દોઢ ડઝન જેટલા દાવેદારો, જિલ્લામાં ચાલતી જુથબંધી અને કદાવર નેતાઓ નારાજ ન બને તેવી તમામ ગણતરીનાં આધારે પસંદગી કરવી બહુ મુશ્કેલ કામ છે.

અમરેલી માટે મુકેશ સંઘાણી, હિરેન હિરપરા, બાવકુભાઈ ઉંઘાડ, ગોપાલ વસ્તરપરા અને નહી તો કૌશિક વેકરિયા કે મહેશ કસવાલા એ પૈકી કોઈ એકની પસંદગી થાય તેવું લાગી રહ્યું છે.













અમરેલી બેઠક એ ભાજપ માટે હોટ ફેવરિટ છે છેલ્લા ૩૩ વર્ષમાં પાંચ વર્ષ માટે કોંગ્રેસનાં સાંસદ ચૂંટાયા છે અને ભાજપ દ્વારા વર્ષ ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯ અને ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં બેઠક પર વિજય મેળવવામાં આવેલ છે.

અમરેલી લોકસભા બેઠક નીચે આવતી ૭ વિધાનસભામાં ૬ માં ભાજપનાં ધારાસભ્યો અને ૧ બેઠક ઉપર આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય

**અનુસંધાન પાના ૬ ઉપર**

## લાઠીનાં હરસુરપુર દેવળીયા ગામની ઘટના

# પુત્રી મોબાઈલ ફોન લઈને જતી રહેતા પિતાએ ગળાફાંસો ખાઈ લીધો

### પુત્રી તેમના પતિ સાથે ગામમાં રહેવા આવી હતી

અમરેલી, તા. ૫

લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની બિલોરસિંહ ભુન્નાભાઈ મુર્યા નામનાં ૪૧ વર્ષિય ખેત મજુરની દીકરી પુજાબેન હરસુરપુર દેવળીયા ગામે પોતાના પતિ વેલસિંહ સાથે રહેતી હતી અને બે દિવસથી ત્યાં રહેવા આવેલ હતા અને ગત તા. ૨/૩/૨૪ ના રોજ બિલોરસિંહ ભુન્નાભાઈ મુર્યાની દીકરી તેના પિતાનો ફોન લઈને કહ્યા વગર જતી રહેલ હોય. જે બાબતનું મનોમન લાગી આવતા બિલોરસિંહ ભુન્નાભાઈ મુર્યાએ પોતે પોતાની મેળે લિંમડાના ઝાડ સાથે પોતાનું મફલર બાંધી ગળાફાંસો ખાઈ જતા સારવાર માટે દવાખાનાને ખસેડાતા તે મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલી જિલ્લાનાં ખાનગી બસ ચાલકો પર લગામ જરૂરી

# સાવરકુંડલા-આંબા માર્ગ ઉપર હિંમત ટ્રાવેલ્સની બસે હડફેટે લેતા પતિની નજર સામે પત્નીનું મોત

### ડબલ સવારી બાઈકને બસ ચાલકે હડફેટે લીધી

અમરેલી, તા. ૫

લીલીયા તાલુકાના આંબા ગામે રહેતા દિપકભાઈ માલાભાઈ ચૌહાણ નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધના પોતાના પત્ની હંસાબેન સાથે મોટર સાયકલ લઈને સાવરકુંડલાથી પોતાના ગામ આંબા જતા હોય. તે દરમ્યાન રસ્તામાં જીરા ગામ પાસે પહોંચતા પાછળથી હિંમત ટ્રાવેલ્સ બસ નં. જી.જે.–૧૪ ઝેડ ૦૨૨૨ નો ચાલકે પોતાના હવાલાવાળી બસ પુરઝડપે અને બેફીકરાઈથી બીજાની જીંદગી જોખમાય તે રીતે ચલાવી વૃધ્ધની મોટર સાયકલને પાછળથી ઠોકર મારતા વૃધ્ધ તથા તેમના પત્ની મોટર સાયકલ ઉપરથી પડી જતા વૃધ્ધને શરીરે નાની મોટી ઈજા કરી તેમજ વૃધ્ધના પત્ની બસના જોટામાં આવી જતા હંસાબેનને ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી જઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.


જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)

ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ४६૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

56,660/-

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૦૫/૦૩/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

BOSCH સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.

BOSCH ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...

સરળ માસીક હપ્તે વસાવો

0% વ્યાજદર

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION

EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES

RAM ENTERPRISE

અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ

રામ એન્ટરપ્રાઈઝ

હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

NETRA CHIKITSA TRUST

MULTI SPECIALITY HOSPITAL

Managed by Netra Chikitsa Trust Amreli

બાળરોગ વિભાગ

અમરેલીની જૂની અને જાણીતી હોસ્પિટલમાં હવે PM-JAY યોજના અંતર્ગત નવજાત શિશુથી માંડીને 15 વર્ષ સુધીના બાળકોની મફત સારવાર ઉપલબ્ધ

હવે સલાહ લો

વધારે માહિતી માટે 9978966629

ડૉ.કલ્પેશ વઘાસિયા

બાળરોગ નિષ્ણાંત

આમ આદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

સચોટ-સટીક સાતત્યસભર દૈનિક

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

લવાજમની મુદ્દત તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com

e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)